Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 73 Dt.06-01-2023 (Friday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001




## કાલે ભારત અને શ્રીલંકા વચ્ચે શ્રેણીનો ફાઈનલ રોમાંચક જંગ

## સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ, ખંઢેરી ખાતે ટી–૨૦ શ્રેણીનો ત્રીજો અને અંતિમ મુકાબલો ખેલાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં આકરી અને કડકડતી ઠંડીમાં પણ ક્રિકેટની ઉત્તેજનાનો ગરમાવો ફરી વળ્યો છે. આવતીકાલે શનિવારે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ, ખંઢેરી ખાતે ભારત અને શ્રીલંકાની ટીમો વચ્ચે વર્તમાન ટી-૨૦ શ્રેણીનો ત્રીજો અને અંતિમ મુકાબલો ખેલાશે. બંને ટીમો ૧-૧ મેચ જીતી હોવાથી કાલનો મેચ ફાઈનલના રૂપમાં તબદીલ થઇ ગયો છે. એટલે પ્રચંડ રસાકસી અને રોમાંચ જામવાની પૂરી શક્યતા છે. ભારતીય ટીમ શ્રેણી જીતવા માટે 'ફાઈટ ટુ ફીનીશ'ના મૂડમાં હોવાથી ક્રિકેટ રસિકોને એક શાનદાર રોમાંચક મુકાબલો જોવા મળશે. આવતીકાલે સાંજે ૭ વાગ્યાથી ટી-૨૦ મેચ શરૂ થશે. ચોગ્ગા-છગ્ગાની રમઝટ માણવા માટે રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના ક્રિકેટ રસિયાઓ અધીરા બની ગયા છે. આવી ઠંડીમાં પણ ટીકીટો માટે જબરદસ્ત ધસારો જોવા મળ્યો છે અને કોઈપણ ભોગે ટિકિટ મેળવવા પડાપડી થઇ રહી છે.

રાજકોટના સ્ટેડિયમ પર પહેલીવાર કોઈપણ શ્રેણીનો ફાઈનલ જેવો મુકાબલો રમાઈ રહ્યો હોવાથી ક્રિકેટ ચાહકોમાં ગજબનાક રોમાંચ, ઉત્સાહ અને ક્રિકેટ ઝુનુનનું મોજું ફરી વળ્યું છે અને હાડ થીજાવતા ઠંડીના માહોલમાં પણ ટી-૨૦ નો ગરમાવો ફરી વળ્યો છે. સૌરાષ્ટ્રભરના ચાહકો થનગની ઉઠ્યા છે અને હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ, સૂર્યકુમાર યાદવ, ઉમરાન મલિક જેવા ખિલાડીઓની ઝલક મેળવવા આજે એરપોર્ટ પર અને ટીમની હોટેલ પર ચાહકોનો જંગી મહેરામણ ઉમટી પડ્યો હતો. ભારતીય ટીમનું કાઠીયાવાડી પરંપરાથી શાનદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. હોટેલ સયાજીમાં ગરબા થકી અને ક્રિકેટરોના કપાળ પર તિલક કરીને કાઠીયાવાડી ઢબે સ્વાગત કરવામાં આવ્યું હતું એ જ રીતે શ્રીલંકાની ટીમનું પણ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

આવતીકાલના મેચમાં ભારતીય ટીમ શ્રેણી જીતવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. હાર્દિક પંડ્યાના નેતૃત્વમાં ભારતીય ટીમ કાલનો મેચ જીતીને ટ્રોફી હાથમાં લેવા માટે તલપાપડ બની છે. ક્રિકેટચાલકો હાર્દિક અને સૂર્યકુમારની તોફાની બેટિંગ, અક્ષર પટેલની ઓલરાઉન્ડર રમત જોવા માટે તલપાપડ બન્યા છે.

આવતીકાલે રમાનારા મુકાબલાની ખાસ વાત એ છે કે પહેલીવાર રાજકોટના એસસીએ સ્ટેડિયમ પર કોઈ દ્વિપક્ષીય શ્રેણીનો ફાઈનલ મુકાબલો રમાવા જઈ રહ્યો છે મતલબ કે આવતીકાલની મેચ જે ટીમ જીતશે તે રાજકોટમાં ચમકદાર ટ્રોફી ઉઠાવશે. આમ તો આ મેચ માટે ટીમ ઈન્ડિયાનું પલડું ભારે જણાઈ રહ્યું છે પરંતુ જે રીતે શ્રીલંકાએ ગઈકાલે પૂનામાં ધમાલ મચાવી હતી તેના કારણે અત્યારે બન્ને ટીમ મજબૂત હોવાનું નિષ્ણાતો કહી રહ્યા છે. કાલે રોમાંચક મુકાબલાને લઈને રાજકોટ-સૌરાષ્ટ્રના

(અનુ.પાના નં.૪ ઉપર)

## ચિત્રલેખાનાં સહસંસ્થાપક મધુરીબેન કોટકનું ૯૨ વર્ષની વયે નિધન



(એજન્સી સમાચાર)

મુંબઇ, તા.૬

પત્રકારત્વ અને ફોટોગ્રાફી જગતના દિગ્ગજ એવા મધુરીબેન કોટકનું ૯૨ વર્ષની વયે મુંબઈમાં નિધન થયુ છે. મધુરીબેન કોટક ચિત્રલેખાનાં સંસ્થાપક સ્વર્ગસ્થ વજુ કોટકના ધર્મપત્ની અને ચિત્રલેખા સાપ્તાહિકના સહસંસ્થાપક હતા. મધુરીબેન કોટકે કારકીર્દિની શરૂઆત ફોટોગ્રાફીથી કરી હતી. તેઓ ૬૦ અને ૭૦ના દાયકામાં ખૂબ જાણીતા મહિલા ફોટોગ્રાફર હતા. તેમણે ચિત્રલેખાનાં સંસ્થાપક સ્વર્ગસ્થ વજુ કોટક પાસેથી જ પત્રકારત્વ અને ફોટોગ્રાફીના પાઠ શીખ્યા હતા.

જો કે તેમનું નામ ચિત્રલેખાનાં સહસંસ્થાપક તરીકે પણ ખૂબ જ જાણીતુ બન્યુ. પતિની હયાતીમાં આ સામયિકોનાં સંપાદન અને પ્રકાશનકાર્યમાં મર્યાદિત ફાળો આપતાં મધુરીબેન કોટકે, વજુ કોટકના અવસાન પછી તે અંગેની સમગ્ર જવાબદારી સંભાળી લીધી હતી.

## સોનાના ભાવમાં એકધારી તેજી, એક વર્ષમાં ૧૬ ટકા રીટર્ન આપતી પીળીધાતુ

(એજન્સી સમાચાર)

મુંબઇ, તા.૬

સોનાના સતત વધી રહેલા ભાવો વચ્ચે બુધવારે અમદાવાદની બજારોમાં તે બે વર્ષની ટોચે પહોંચીને ૫૭૬૦૦ બોલાયા હતા. ૪ જાન્યુઆરી ૨૦૨૨ના દિવસે જે લોકોએ ૪૯૭૦૦ રૂપિયા પ્રતિ ગ્રામના ભાવે સોનુ ખરીદ્યું હતું તેમને એક વર્ષમાં ૧૬ ટકા રિટર્ન મળ્યું છે.

છેલ્લે આ ભાવની આજુબાજુ ૪ ઓગષ્ટ ૨૦૨૦ના દિવસે સોનાભાવ ૫૭૨૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ રહ્યા હતા. ૭ ઓગષ્ટ ૨૦૨૦ના દિવસે સોનાના ભાવો રેકોર્ડ હાઇ ૫૮૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ રહ્યા હતા.



અમેરિકી ડોલર સામે રૂપિયામાં ધોવાણને પગલે સોનાના ભાવમાં ભારે ઉછાળો

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સીલ (ડબલ્યુજીસી) અનુસાર ભૌગોલિક અનિશ્ચિતતાઓ અને મોંઘવારીમાં વધારાના કારણે વધી રહેલા સોનાના ભાવો બુધવારે ૧૮૫૪.૧૦ ડોલર (લગભગ ૧.૫ લાખ રૂપિયા) પ્રતિ ટ્રોય આઉન્સ થઇ ગયા હતા.

ઇન્ડિયા બુલીયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના ડાયરેક્ટર હરેશ આચાર્યએ કહ્યું કે અમેરીકન ફેડરલ રીઝર્વ દ્વારા વ્યાજદરમાં સતત વધારાના કારણે સોનાના ભાવો વધ્યા છે. આ ઉપરાંત અમેરિકન ડોલર સામે રૂપિયાના ધોવાણના કારણે સ્થાનિક બજારોમાં પણ સોનાના ભાવોમાં અસરકારક વધારો થયો છે. મહત્વપૂર્ણ અર્થવ્યવસ્થાની બેંકો પણ અત્યારે મોટા પ્રમાણમાં સોનુ ખરીદી રહી છે.

આચાર્યએ કહ્યું, સ્થાનિક બજારોમાં સોનુ ૬૧,૦૦૦ પહોંચે તેવી આશા છે. ભાવો વધારે હોવા છતાં સોનામાં રોકાણ કરવાનો આ સારો સમય છે. અચોક્કસતાઓ

(અનુ.પાના નં.૪ ઉપર)

## ૭૫ વર્ષના ઉપરના વડિલ જેમની આવક પેન્શન કે વ્યાજ જ હોય તેમણે આયકર રિર્ટન નહિ ભરવાનું

નવી દિલ્હી તા.૬

વર્ષ ૨૦૨૩નું બજેટ ટૂંક સમયમાં આવવાનું છે. એ અગાઉ મોદી સરકારે વરિષ્ઠ નાગરિકોના ચહેરા પર સ્મિત ફેલાવ્યું છે. સરકારે આવકવેરામાં આપેલા તેના મોટા વચનોમાંથી એકને અપડેટ કર્યું છે. સરકારે ઈન્કમ ટેક્સ રિટર્ન (ITR) ભરવામાં મોટો ફેરફાર કર્યો છે. સરકારે ૭૫ વર્ષથી ઉપરના વરિષ્ઠ નાગરિકોને મોટી રાહત આપી છે. વરિષ્ઠ નાગરિકો જેમની આવક પેન્શન અને વ્યાજમાંથી આવે છે. તેમણે આવકવેરા રિટર્ન ફાઈલ કરવાની જરૂર નથી. અત્યાર સુધી દરેક વ્યક્તિએ આવકવેરા રિટર્ન ફાઇલ કરવું જરૂરી હતું. હવે કેટલાક લોકોને છૂટ આપવામાં આવી છે. નાણા મંત્રાલયે ટ્વીટ કર્યું છે કે ૭૫ વર્ષથી વધુ ઉંમરના આવા વરિષ્ઠ નાગરિકોને હવેથી આવકવેરા રિટર્ન ભરવાની જરૂર રહેશે નહીં. વરિષ્ઠ નાગરિકો કે જેમની આવકના સ્ત્રોત તરીકે બેંકમાંથી માત્ર પેન્શન અથવા વ્યાજ છે. આ માટે, આવકવેરા અધિનિયમ, ૧૯૬૧માં નવી કલમ ૧૯૪Ƨ ઉમેરવામાં આવી છે. આ વિભાગ એપ્રિલ, ૨૦૨૧ થી લાગુ થશે. આ અંગે કેટલાક નિયમોમાં સુધારો કરવામાં આવ્યો છે અને બેંકોને તેની જાણ કરવામાં આવી છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ પાસેથી મળેલી માહિતી અનુસાર, આ વિભાગ કાર્યરત કરવામાં આવ્યો છે. આ માટે, સંબંધિત ફોર્મ્સ અને શરતો અંગે એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આવકવેરા કાયદા હેઠળ, નિર્દિષ્ટ મર્યાદાથી વધુ આવક ધરાવતા તમામ લોકોએ રિટર્ન ફાઇલ કરવું પડશે.




## યુપીના કાનપુરમાં કાતિલ ઠંડીનું મોજું, ૨૫ ના મોત

### અનેક લોકોને હૃદયરોગ અને બ્રેઈનસ્ટ્રોકનો હુમલો, ૧૪ લોકોને તો સારવાર મળે એ પહેલા એમના શરીર થીજી ગયા



(એજન્સી સમાચાર)

લખનઉ તા.૬

કાનપુરમાં છેલ્લા ચોવીસ કલાકમાં જબરી શીતલહેરથી હૃદયરોગ તેમજ બ્રેઈન એટેકથી ૨૫ લોકોના જીવ ગયા છે અને છેલ્લા ત્રણ દિવસમાં આ રીતે ૪૦ લોકો ઠંડીને કારણે મૃત્યુ પામ્યા છે. સિનિયર ન્યુરોસર્જનના જણાવ્યા મુજબ ભારે ઠંડીને કારણે લોકોની દિગામની નશો ફાટવાની ઘટના વધી ગઈ છે.

૫૦ વર્ષ બાદ આ પ્રકારની ઠંડી પડી રહી છે અને ન્યુનતમ તાપમાન કાનપુર અને આસપાસના વિસ્તારોમાં ૩.૬ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. ચંદ્રશેખર આઝાદ કૃષિ યુનિ. અને ટેકનોલોજી સંસ્થાન ના નિષ્ણાંતોના જણાવ્યા પ્રમાણે ઉપલબ્ધ આંકડા મુજબ ૧૯૭૨થી આજદીન સુધી ૩ જાન્યુ.ના રોજ કદી પણ કાનપુર અને તેની આસપાસ તાપમાનનો પારો ૩.૬ ડિગ્રીએ પહોંચ્યો નથી.

સામાન્ય રીતે અહી રાત્રીના ૧૦.૮ જેટલું તાપમાન રહે છે અને હજુ પણ અહી ભારે ધુમ્મસ સાથે વધુ ઠંડી પડવાની અને ધુમ્મસનું વાતાવરણ સર્જાવાની શકયતા છે. કાનપુરમાં એક જ દિવસમાં અલગ અલગ સરકારી અને ખાનગી હોસ્પિટલમાં ૨૫થી

(અનુ.પાના નં.૪ ઉપર)

## બેંક ગ્રાહકોને રાહતઃ હવે KYC ઓનલાઈન થઇ શકશે

### બેંકમાં જવાને બદલે ઘરે કે કામના સ્થળેથી KYC કરવાની છૂટ આપતી RBI

(એજન્સી સમાચાર)

મુંબઈ, તા.૬

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા દ્વારા બેંક ગ્રાહકો માટેના કેવાયસી (નોન યોર કસ્ટમર) નિયમો હળવા બનાવાયા છે અને ગ્રાહકે હવે કેવાયસી માટે બેન્કમાં જવાની જરૂર પડશે નહી. આરબીઆઈ દ્વારા હવે કેવાયસીની પ્રક્રિયા ઘર કે ગમે ત્યાંથી વીડિયો આધારીત પ્રક્રિયા દ્વારા પૂર્ણ કરી શકાશે.



આરબીઆઈએ ગઈકાલે એક પ્રેસ રીલીઝ જણાવ્યું કે કેવાયસી પ્રક્રિયા વીડિયો આધારીત ઉપરાંત બેંકની શાખામાં જઈને પણ કરી શકાય છે. કોઈપણ ફેરફાર ન હોય તો ગ્રાહક ફકત પોતે સ્વયં કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરી શકે છે જેને માન્ય રાખવામાં આવશે. ઉપરાંત બેંકોને આ માટે ગ્રાહકને સુવિધા આપવા પણ જણાવાયું છે.

વાસ્તવમાં આરબીઆઈને ફરિયાદ મળી હતી કે ઓનલાઈન દસ્તાવેજો સબમીટ કરવા છતાં બેંકોની વેબસાઈટ અને મોબાઈલ

(અનુ.પાના નં.૪ ઉપર)

### કોરોનાનો પગરવ? તંત્ર એલર્ટ

## વિદેશથી ભારત આવેલા ૧૪ યાત્રીઓમાં મળી આવ્યો ચીનમાં તબાહી મચાવનાર વેરીએન્ટ

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૬

વિદેશથી ભારત આવેલા ૧૪ યાત્રીઓમાં ચીનમાં તબાહી મચાવનાર વેરીએન્ટ મળી આવતા હાહાકાર મચી જવા પામ્યો હતો.છેલ્લા ૧૧ દિવસમાં વિદેશથી આવેલા ૯ લાખ યાત્રીઓ માંથી પાંચ હજાર યાત્રીઓની તપાસ



થયેલી જેમાં ૧૨૪ લોકો સંક્રમિત મળી આવ્યા હતા. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે અલગ અલગ દેશોમાંથી

(અનુ.પાના નં.૪ ઉપર)

# સપ્તસંગીતિમાં સિતારના સુરો અને ગાયનના સ્વરોથી શ્રોતાઓ રસતરબોળ





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ: સિતારવાદન ક્ષેત્રે દુનિયાભરમાં પ્રથમ પંકિતનું સ્થાનધરાવતા ઉસ્તાદ નીશાતખાનના સિતારવાદને ગુરૂવારે રાજકોટના હેમુ ગઢવી હોલમાં આયોજિત સપ્તસંગિતિ સમારોહમાં શ્રોતાઓને રસતરબોળ કરી દીધા હતાં. ઠંડીનો માહોલ હોવા છતાં મોડી રાત્રિ સુધી શાસ્ત્રીય સંગીતમાં રસ ધરાવતા કલાપ્રિય શ્રોતાઓએ રાજકોટના તાનારીરી એવોર્ડ વિજેતા નાદસ્વરમ ફાઉન્ડેશનનાં શ્રીમતી પિયુબેન સરખેલ અને સાથી કલાકારોના શસ્ત્રીય ગાયનનાં કાર્યક્રમને પણ મનભરીને માણ્યો હતો.

# ચાઈનીઝ દોરી સાથે એક શખ્સની ધરપકડ



## ૨૧૭ નંગ ચાઈનીઝ દોરી સાથે કુલ ૬૪,૧૦૦નો મુદામાલ કબ્જે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ.તા.૬

રાજકોટ શહેરમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના જથ્થા સાથે વેપારી મેહુલ કેસરીયાની ધરપકડ કરવામાં આવી છે. રાજકોટ એલસીબી ઝોન ૨ની ટીમ પેટ્રોલિંગમાં હતી દરમ્યાન મળેલ ચોક્કસ બાતમીના આધારે સોની બજાર સ્થિત ખત્રીવાડ ખાતે મેહુલ સિઝન સ્ટોર નામની દુકાનમાંથી પોલીસે અલગ અલગ કંપનીની ચાઈનીઝ દોરી નંગ ૨૧૭ મળી આવી હતી. પોલીસે ૨૧૭ નંગ ચાઈનીઝ દોરી સાથે કુલ ૬૪,૧૦૦નો મુદામાલ કબ્જે કરી વેપારી મેહુલ કેસરીયાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ‘કિસાન સૂર્યોદય’ યોજના થકી સૌરાષ્ટ્રના ૪૩૪ ગામોના ખેડૂતોને અપાતી દિવસે વીજળી

## સબ સ્ટેશન પર ફીડર સાથે સોલાર પ્લાન્ટ લગાવી ઉત્પન્ન કરાશે ૧૨૦ મેગાવોટ સૌરઊર્જા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૬

ખેડૂતોના જીવનમાં સુખાકારીનો સૂર્યોદય લાવતી ‘કિસાન સૂર્યોદય યોજના’ હેઠળ વિવિધ ગામોમાં કૃષિ માટે દિવસે વીજળી અપાઈ રહી છે. પ્રથમ તબક્કામાં સમાવિષ્ટ સૌરાષ્ટ્રના ૧૫ તાલુકાનાં ૪૩૪ ગામોના ખેડૂતોને સવારે પાંચથી રાત્રે નવ વાગ્યા સુધી વીજળી આપવામાં આવી રહી છે, તેમ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (પી.જી.વી.સી.એલ.)ના મેનેજિંગ ડિરેક્ટર વરૂણકુમાર બરનવાલે જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે,આ યોજના અંતર્ગત અમરેલીના બે તાલુકા,ગીર સોમનાથના છ તાલુકા તેમજ જુનાગઢના સાત તાલુકા મળીને ૧૫ તાલુકામાં ૩૪૦ ફીડરો મારફતે દિવસે વીજળી પહોંચી રહી છે.

નોંધનીય છે કે,ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કિસાન સૂર્યોદય યોજના શરૂ કરવામાં આવી છે. ખેડૂતોના ખેતર સુધી વીજળી પહોંચાડવા માટે જેટકો દ્વારા હાલ વિવિધ તબક્કાઓમાં પૂરજોશમાં કામગીરી ચાલી રહી છે.જે મુજબ,વીજ વિતરણ નેટવર્કને મજબૂત બનાવવાની કામગીરી ચાલી રહી છે.આ ઉપરાંત ખેતરો સુધી દિવસે વીજળી પહોંચાડવા માટે વીજ ઉત્પાદન ક્ષમતા વધારવાનું કાર્ય ચાલે છે.

ઉપરાંત ઉત્પાદિત ઊર્જાના પરિવહન માટે વીજ લાઇનોને મજબૂત બનાવવાની કામગીરી પણ ગતિમાં છે.આમ સુવ્યવસ્થિત ત્રિ-સ્તરીય આયોજન સાથેનું કામ ગતિમાં છે.

બરનવાલે જણાવ્યું હતું કે, ઊર્જાના પરિવહનમાં થતો લાઈન લોસ તેમજ સમય ઘટાડવા,ઉપરાંત ખેડૂતોના ઘર આંગણે જ વીજ ઉત્પાદન કરીને તેમને તત્કાલ વીજળી પહોંચાડવાના આયોજન પણ ગતિમાં છે. પી.જી.વી.સી.એલ. દ્વારા ડિસ્ટ્રીબ્યુટર જનરેશન ઉપર કામ ચાલી રહ્યું છે.ભારત સરકારની પી.એમ. કુસુમ-સી (પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવં ઉત્થાન મહાઅભિયાન) યોજના હેઠળ,સબ સ્ટેશન લેવલ ઉપર દરેક ફીડરની સાથે સોલાર પ્લાન્ટ લગાવાશે.જેનાથી ઊત્પાદિત સૌરઊર્જા ખેડૂતોના ખેતર સુધી પહોંચાડવામાં આવશે.આ યોજના અંતર્ગત ૧૨૦ મેગાવોટ સૌરઊર્જાના ઉત્પાદન માટેની બીડ આવી ગઈ છે અને તેને મંજૂરી માટે વડી કચેરીએ મોકલી આપવામાં આવી છે.મંજૂરી પછી તેની કામગીરી પણ શરૂ થઈ જશે અને ૧૨૦ મેગાવોટ એનર્જી અમારા નેટવર્કમાં આવશે.

આ ઉપરાંત વધુ ૫૦૦ મેગાવોટ સૌર ઊર્જા ઉત્પાદન કરવાનું આયોજન છે.જેના માટે ટેન્ડર થઈ ગયા પછી વીજ ઉત્પાદન સ્થાનિક સ્તરે જ થશે.આ વીજળી ખેડૂતોને વપરાશ માટે આપી શકીશું અને ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક પર તેનું ભારણ પણ નહીં આવે.

આમ, કિસાનોના ખેતર સુધી દિવસે વીજળી પહોંચાડવાની પ્રતિબદ્ધતા સાથે ગુજરાત સરકારનું તંત્ર ગતિશીલ છે.

## ચાલું વર્ષે માત્ર સ્ટેમ્પ ડ્યૂટીની વાર્ષિક આવક રૂ.૧૨ હજાર કરોડને પાર થવાની શક્યતા

# ૧૨ વર્ષ જૂના જંત્રીના દરો વધારવાથી અર્થતંત્રમાં મોટો ફેરફાર આવશે



## આવકમાં વધારો કરવા રાજ્ય સરકારે જંત્રીના દરો વધારવાની કવાયત હાથ ધરી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૬

ગુજરાત સરકારે ૧૨ વર્ષ જૂના જંત્રી અર્થાત જમીનના તળિયાની સરકારી કિંમત નક્કી કરતા દરોમાં વધારો કરવાની તૈયારી આદરી છે.

સંભવત: નવા નાણાકીય વર્ષ ૨૦૨૩ - ૨૪ ના અંદાજપત્રની સાથે જ તેનો અમલ થઈ શકે તેમ છે. GST અમલમાં આવ્યા બાદ ગુજરાત સરકારમાં સ્ટેમ્પ ડ્યૂટી એ જ સૌથી મોટી આવકનો સ્ત્રોત છે.જેમાં વધારો કરીને રાજ્યની પોતાના આર્થિક બળે વિકાસ તેમજ સરકારી નોકરીઓના ખર્ચનું સંતુલન કરશે તેમ મનાય છે.જમીન- મિલકત સંબંધિત એન્યુઅલ સ્ટેટમેન્ટ ઓફ રેટ્સ શહેરી વિસ્તારોમાં ૧.૦૮ કરોડ વિભાજિત વેલ્યુઝોનમાં થનારા વધારાની સત્તાવાર માહિતી ઉપલબ્ધ થઈ નથી પરંતુ,એક દાયકામાં વિકાસ, ૨૦૧૧ એટલે કે જંત્રીના દરોમાં વધારવા છેલ્લા ત્રણેક વર્ષથી રાજ્યમાં કવાયત ચાલી રહી છે. ગુજરાતને ગ્રામ્ય વિસ્તારમાં ૩.૫૬ કરોડ અને દસ્તાવેજોની નોંધણી, બેન્કિંગ ક્ષેત્રે ધિરાણમાં જમીન,મિલકતના આર્થિક મુલ્યના અંદાજો સહિતના અનેક પરિબળોથી નવા દરો અમલમાં મુકાશે તે નક્કી છે. નવી જંત્રી અમલમાં આવ્યાના ચારેક વર્ષમાં જ રાજ્યમાં સ્ટેમ્પ ડ્યુટીની આવક રૂ.૭૦૦ કરોડથી વધીને રૂ.૪,૪૦૯ કરોડે પહોંચી હતી.ચાલુ નાણાકીય વર્ષના અંતે તે વધીને રૂ.૧૨ હજાર કરોડને પાર થવાની શક્યતા છે. આમ, GST પછી સરકારનો પોતાનો કારભાર સ્ટેમ્પ ડ્યૂટી અને મહેસૂલની આવક પર નિર્ભર હોવાથી જંત્રીના દરો વધતા અર્થતંત્રમાં પણ મોટો ફેરફાર થશે તેમ જાણકારો માની રહ્યાં છે.

### સંપાદન સામેના કોર્ટ કેસ ઘટશે

ઘણાં સમયથી એટલે કે એક દાયકાથી જંત્રીના દરમાં કોઈ જ ફેરફાર નથી કરાયો જેના કારણે સામાન્ય નાગરીકને હાઉસિંગ લોનથી લઈને મોટા ઉદ્યોગપતિને પણ નાણાકિય સંસ્થાનો પાસેથી ધિરાણ મેળવવામાં ખાસ્સી એવી મુશ્કેલી પડી રહી છે.તેવી જ રીતે રાજ્યમાં સરકારી, અર્ધ સરકારી પ્રોજેક્ટ માટે જમીન સંપાદનને તબક્કે ખેડૂતોને ચૂકવતા વળતરમાં વર્ષો જૂની જંત્રીનો આધાર લેવાતો હોવાથી વિવાદ થાય છે.જમીનની બજાર કિંમત કરતા ઓછા વળતરની ફરિયાદ સામે સરકારે અનેકવિધ નવી ફોર્મ્યુલાથી સંપાદન કર્યુ છે.તેમ છતાંયે કોર્ટમાં કેસો થતા રહ્યા છે. આથી,જંત્રી વધશે તો આપોઆપ કોર્ટના કેસ ઘટતા વિકાસલક્ષી પ્રોજેક્ટની ગતિ આગળ વધશે તેમ આર્થિક નિષ્ણાંતો માની રહ્યાં છે.

## ઉડે..ઉડે..રે..પતંગ મારી, એ કાપ્યો છે નો ગગન નાદ ગુંજશે

# રવિવારથી અમદાવાદ સહિત રાજ્યભરમાં યોજાશે પ્રસિદ્ધ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ




## જી-૨૦ આંતર રાષ્ટ્રીય પતંગ મહોત્સવનું થીમ : વિવિધ દેશોના પ્રતિનિધિઓ બનશે મહોત્સવમાં હિસ્સો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૬

કોરોના મહામારીને કારણે બે વર્ષના અંતરાલ પછી ફરી એકવખત અમદાવાદ અને ગુજરાતના અન્ય શહેરોમાં ભવ્ય રીતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ શરૂ થવા જઇ રહ્યો છે. ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા આગામી ૮ થી ૧૪ જાન્યુઆરી, ૨૦૨૩ દરમ્યાન જી-૨૦ ની થીમ સાથે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ આયોજિત કરવામાં આવશે. દેશ-વિદેશના અનેક પતંગબાજો આંતર રાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં હિસ્સો લેવા માટે અમદાવાદ આવશે, જેમાં જી-૨૦ દેશોના પતંગબાજો પણ સામેલ થશે.

અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે તા. ૮ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ સવારે ૮.૦૦ વાગે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ઉદઘાટન કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા પણ ઉદઘાટન સમારોહ દરમિયાન ઉપસ્થિત રહેશે.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ દરમિયાન તમામ પતંગબાજો જી ૨૦નો લોગો પ્રિન્ટ કરેલું ટી-શર્ટ અને ટોપી પહેરીને એક પરેડનું પ્રદર્શન કરશે.

આ વર્ષે,ગુજરાતના આકાશમાં જી-૨૦ નો લોગો છાપેલી પતંગો આકાશમાં ઉડતી જોવા મળશે.આંતર રાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં પતંગનો ભાતીગળ ઇતિહાસ દર્શાવતું થીમ પેવેલિયન ઊભું કરવામાં આવશે, તેમજ પતંગો બનાવવા અને ઉડાડવા માટેની એક વર્કશોપ પણ આયોજિત કરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ દરમિયાન મુલાકાતીઓ માટે દરરોજ સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ આયોજિત કરવામાં આવશે.ઉલ્લેખનીય છે કે ડિસેમ્બર ૨૦૨૨ માં ભારતે જી-૨૦ ની અધ્યક્ષતા સંભાળી. જી-૨૦ ને એક સહભાગી કાર્યક્રમ બનાવવાના પ્રધાનમંત્રીના દ્રષ્ટિકોણને અનુરૂપ ભારતના લોકો માટે જી-૨૦નો અર્થ શું છે, તેની સમજણ વધારવા માટે અનેક કાર્યક્રમો આયોજિત કરવામાં આવી રહ્યા છે.ધ ગ્રુપ ઓફ ૨૦ (જી-૨૦) આંતરરાષ્ટ્રીય આર્થિક સહયોગ માટેનું મુખ્ય મંચ છે.તે તમામ મુખ્ય આંતરરાષ્ટ્રીય આર્થિક મુદ્દાઓ પર ગ્લોબલ આર્કિટેક્ચર અને શાસનને આકાર આપવા અને મજબૂત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

## પાણીને ફુટી વાણી : પાણીની જરૂરિયાતને પાણીદાર બનાવવા કવાયત

# નાગરિકની માથાદીઠ પાણીની ઉપલબ્ધતા ૧૭૦૦ ક્યુબીક મીટર કરાશે : પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયા

## કેન્દ્ર સરકાર દ્વારા પાણીના શ્રેષ્ઠ આયોજન માટે ભોપાલ ખાતે દેશના ત્રીસ રાજ્યોની પ્રથમ વાર્ષિક બેઠક યોજાઇ: દેશના ત્રીસ રાજ્યોના રાજ્યમંત્રીઓ, કેન્દ્રના મંત્રીઓ થયા સહભાગી




### ગુજરાતની ૨૦ વર્ષની સિદ્ધિનું પ્રેઝન્ટેશન

રાજ્યના અછતગ્રસ્ત અને સંસાધન વિનાના ક્ષેત્રોના વિકાસ માટે જલ આપૂર્તિ સુનિશ્ચિત કઈ રીતે કરવામાં આવી તે અંગે ગુજરાતની ૨૦ વર્ષની સિદ્ધિનું પ્રેઝન્ટેશન રજૂ કરતાં મંત્રીએ કહ્યુ હતું કે ટેન્કર રાજ, દુર દુરથી પાણી લાવવું, મોટા પ્રમાણમાં માનવી અને પશુઓનું કચ્છ સૌરાષ્ટ્ર માંથી સ્થળાંતર જેવા વિષયોને ગુજરાતે આ ચાર સ્તરીય વ્યવસ્થા દ્વારા ભૂતકાળ બનાવી દીધી છે. પ્રથમ સ્તરમાં એક વિસ્તારના વધારાના પાણીને સૌરાષ્ટ્ર,કચ્છ, ઉત્તર ગુજરાતના વિસ્તારમાં પુરુ પાડ્યુ છે.જેના માટે નર્મદા કમાન્ડ ડેવલપમેન્ટ, સુજલામ સુફલામ પ્રકારની યોજનાઓ રાજ્ય સરકારે અમલી બનાવી છે.તે જ રીતે બીજા તબક્કામાં સૌની યોજના,લીફ્ટ ઈરીગેશન સ્કીમ અને બલ્ક લાઈન મારફતે એક વિસ્તારના પાણીને બીજા વિસ્તારમાં ક્લસ્ટર સ્વરૂપે પણ પહોંચાડ્યુ છે.તળાવ,નાના ડેમ આધારિત સિંચાઇ યોજનાઓ માં વરસાદની ગમે તે પરિસ્થિતિ હોય તેમ છતાં પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી છે.ત્રીજા તબક્કામાં બલ્ક લાઈનથી ઉપલબ્ધ પાણીને જૂથ યોજનાઓ મારફતે દરેક ગામ સુધી પહોંચાડીને, વાસ્મોના નેટવર્કનો ઉપયોગ કરીને ગામમાં ઉપલબ્ધ બનેલ પાણીને ઘર ઘર સુધી પહોંચાડયુ છે.

### ગુજરાત માટે વર્ષ-૨૦૪૭નું વિઝન

ગુજરાત માટે વર્ષ-૨૦૪૭ નું વિઝન રજુ કરતા તેમણે કહ્યું કે ગુજરાતનું વિઝન ચાર મુખ્ય સ્તંભો ઉપર આયોજીત છે.જેના પહેલા સ્તંભમાં સંસાધનની ઉપલબ્ધતા, બીજા સ્તંભમાં માંગનું યોગ્ય નિયોજન, ત્રીજા સ્તંભમાં જરૂરિયાત મુજબ સપ્લાયનો યોગ્ય પ્રયોજન અને ચોથા સ્તંભમાં જળની સ્થિરતા લાંબા ગાળા માટે સુનિશ્ચિત કરવાનું રહેશે.આ ચાર સ્તંભો ગુજરાત કયા પ્રકારે સિદ્ધ કરશે તે માટે તેમણે ગુજરાત સરકારના હાલના અભિગમ અને આગામી વર્ષોમાં જે નવી યોજનાઓ રાજ્ય સરકાર કરવા માંગે છે તે વિશે વિગતો રજુ કરી હતી.

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૬

ગુજરાતના પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઇ બાવળીયાએ જણાવ્યું છે કે,રાજ્યના નાગરિકોને શુદ્ધ પીવાનું પાણી તથા ખેડૂતોને સિંચાઇ માટે પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે તે માટે રાજ્ય સરકારે શ્રેષ્ઠ આયોજન કર્યુ છે.જેના પરિણામે વર્ષ ૨૦૪૭ માં નાગરિકોની માથાદીઠ પાણીની ઉપલબ્ધતા ૮૫૦ ક્યુબીક મીટરથી વધારીને ૧૭૦૦ ક્યુબીક મીટર કરવાનો રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કર્યો છે.

કેન્દ્ર સરકારના જળ સંશાધન, જળ શક્તિ મંત્રાલય દ્વારા મધ્ય પ્રદેશના ભોપાલ ખાતે દેશના ત્રીસ રાજ્યોની પ્રથમ વાર્ષિક બેઠક યોજાઇ છે જેમાં દેશના ત્રીસ રાજયોના રાજ્યમંત્રીઓ, કેન્દ્ર સરકારના જળ સંશાધન, જળ શક્તિ મંત્રાલયના મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓ સહભાગી થયા છે.

ભોપાલ ખાતે યોજાયેલ આ કોન્ફરન્સમાં સહભાગી થતા મંત્રી બાવળીયાએ જણાવ્યું હતું કે,રાજ્યના મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતે વોટર વિઝન અને અછત નિવારવા પાણીના યોગ્ય સંશાધનોમાં સુનિશ્ચિત ઉપયોગ માટે શ્રેષ્ઠ આયોજન કર્યુ છે.તેમણે રાજ્યના ૨૦૪૭ ના વોટરવિઝન અને ગુજરાતે છેલ્લા ૨૦ વર્ષમાં અછત ગ્રસ્ત પાણીના અભાવ વાળા વિસ્તારોમાં પાણીની ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવા માટે કરેલા આયોજનની વિકસીત રૂપરેખા પ્રેઝન્ટેશન દ્વારા આવી હતી.

મંત્રી બાવળીયાએ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા આ નવતર અભિગમને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, પાણીના વિષયને સંકલિત કરીને આ પ્રકારની અભૂતપૂર્વ કોન્ફરન્સનું આયોજન દેશમાં પહેલી વખત થયું છે. જળ સંસાધન,પીવાના પાણી,સિંચાઈ વ્યવસ્થા, શહેરી વિસ્તારમાં પાણીના ઉત્પાદન,ઉપલધ્ધી અને તેનો યોગ્ય પ્રકારે ઉપયોગ વગેરે મુદ્દાઓને અત્યાર સુધી જુદા જુદા વિષયો તરીકે લેવાતું હતું તેની જગ્યાએ પ્રથમ વખત એક મંચ પર સંકલિત થવાથી વર્ષ ૨૦૪૭ સુધી અમૃતકાલના કેન્દ્ર અને રાજ્ય સરકારના આયોજનો કરવામાં આ કોન્ફરન્સ ખૂબ જ અગત્યનો ભાગ ભજવશે.તેમણે કહ્યું કે,સર્ક્યુલર ઇકોનોમીના કન્સેપ્ટ સાથે જ્યારે ભારત વર્ષ-૨૦૪૭ ના અંત સુધીમાં વિશ્વની સૌથી મોટી અર્થ વ્યવસ્થા બનવા તરફ અગ્રેસર છે,ત્યારે દરેકે દરેક નાગરિક માટે જળ સંશાધન સહિત તમામ પ્રકારના સ્વરૂપોમાં ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી એ આજના સમયનો પડકાર છે અને સાથે સાથે એક તક પણ મળશે.

## પોલીસ કમિશનર રાજુ ભાર્ગવના અધ્યક્ષ સ્થાને શહેર માર્ગ સલામતીની બેઠક યોજાશે

રાજકોટ શહેરમાં સર્જાતી ટ્રાફિકની સમસ્યાના સચોટ અને યોગ્ય નિરાકરણ માટે પોલીસ કમિશનર રાજુ ભાર્ગવના અધ્યક્ષ સ્થાને શહેર માર્ગ સલામતીની બેઠક આગામી તા. ૧૧ જાન્યુઆરીના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે યોજાશે.જેમાં સબંધિત વિભાગના અધિકારી,કર્મચારીઓએ સમયસર ઉપસ્થિત રહેવા નાયબ પોલીસ કમિશનર, ટ્રાફિક રાજકોટ શહેર પૂજા યાદવની યાદીમાં જણાવાયું છે.

## જેતપુર તાલુકાના ગ્રામજનોના પ્રશ્નોના નિરાકરણ માટે રાત્રિ સભાનું આયોજન

રાજકોટ: રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના ગ્રામજનોના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે રાત્રિ સભાનું આયોજન દર સોમવારે ગ્રામ પંચાયત કચેરી ખાતે સાંજના ૬-30 થી ૮-30 કલાક દરમિયાન કરવામાં આવશે. જાન્યુઆરી માસમાં તા. ૯ ના રોજ બાવા પીપળીયા, તા. ૧૬ ના રોજ જાંબુડી, તા. ૨૩ ના રોજ અકાળા, તા. 30 ના રોજ આરબ ટીમ્બડીમાં રાત્રિ ગ્રામસભા યોજવામાં આવશે,જેનો જેતપુર તાલુકાના સંબંધિત ગામોના નાગરિકોને લાભ લેવા જેતપુર તાલુકા પંચાયત કચેરીની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ આઈ.ટી.આઈ. ખાતે સોમવારે યોજાશે પ્રધાનમંત્રી એપ્રેન્ટીસશીપ ભરતી મેળો

## જુદી-જુદી 300 થી વધુ જગ્યા માટે ભરતી પ્રક્રિયાનું આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૬

ઔદ્યોગિક તાલીમ સંસ્થા રાજકોટ, આજીડેમ ચોકડી પાસે, રાજકોટ ખાતે પ્રધાન મંત્રી નેશનલ એપ્રેન્ટીસશીપ ભરતી મેળાનું આયોજન તા.૦૯ જાન્યુઆરી, સોમવારના રોજ સવારે ૯.30 કલાકે કરવામાં આવ્યું છે.જેમાં રાજકોટ જિલ્લાનાં નામાંકિત ૧૦ જેટલાં ખાનગી એકમોનાં પ્રતિનિધિઓ રૂબરૂ હાજર રહી, ઉમેદવારોની પસંદગી કરશે.

આ ભરતી મેળામાં 300 થી વધારે જગ્યાઓની ભરતી માટે વિવિધ આઈ.ટી.આઈ. ટ્રેડ માંથી પાસ આઉટ, ડિપ્લોમા, ડિગ્રી, ગ્રેજ્યુએટ વગેરે જેવા ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ પોતાના બાયોડેટા,આધાર કાર્ડ, પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ, માર્કશીટ/સર્ટિફિકેટની જરૂરી નકલો સાથે સવારે ૯:30 કલાકથી રાજકોટ આઈ.ટી.આઈ. સંસ્થા ખાતે રૂબરૂ હાજર રહેવા આઈ.ટી આઈ.રાજકોટના આચાર્ય નિપુણ રાવલની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## તંત્રી સ્થાનેથી...




### નલિયામાં જ સૌથી વધુ ઠંડી કેમ પડે છે?

ગુજરાતમાં આ વખતે ઠંડીની શરૂઆત થોડી મોડે થઈ, પરંતુ હવે ઠંડીનું જોર વધી રહ્યું છે. ઉત્તર ભારતમાં હિમવર્ષા શરૂ થયા બાદ ગુજરાતમાં તાપમાનનો પારો ગગડવા લાગ્યો છે. હવામાન વિભાગે કરેલી આગાહીમાં દર વખતની જેમ આ સીઝનમાં પણ કચ્છના નલિયામાં સૌથી ઓછું તાપમાન નોંધાયું છે અને આવનારા સમયમાં પણ હજુ નલિયાના તાપમાનમાં ઘટાડો થશે. ત્યારે ઘણા લોકોને સવાલ થતો હશે કે ગુજરાતમાં સૌથી વધુ ઠંડી નલિયામાં જ કેમ પડે છે?, એવાં તો કયાં કારણો છે, જેને લીધે દર વખતે નલિયાનું તાપમાન અન્ય પ્રદેશનોની તુલનામાં સૌથી વધુ ઝડપે નીચે જાય છે?, એક સવાલ એ પણ થાય કે અત્યાર સુધીના ઈતિહાસમાં નલિયામાં સૌથી ઓછું તપમાન ક્યારે અને કેટલુ નોંધાયું? દર વખતે શિયાળાની ઋતુમાં નલિયાનું તાપમાન ગુજરાતના અન્ય વિસ્તારોની તુલનામાં નીચે જ જતું રહેતુ હોય છે, પરંતુ ભૂતકાળમાં બે વખતે એવો પણ સમય આવી ચૂક્યો છે, જ્યારે નલિયાએ પોતાના જ રેકોર્ડ તોડી નાખ્યા હતા. ચાલુ સીઝનમાં ૨૫ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ નલિયામાં ૪.૨ ડીગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયુ હતું, જે આ વખતનો રેકોર્ડ છે. આ પહેલાં ૮ ફેબ્રુઆરી ૨૦૧૨ના રોજ નલિયામાં ૦.૮ ડીગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, જે છેલ્લાં ૧૦ વર્ષનો સૌથી ઓછા તાપમાનનો રેકોર્ડ છે.

કચ્છનો ભૌગોલિક વિસ્તાર બીજા જિલ્લા કરતાં ઘણો અલગ છે, જેને કારણે નલિયામાં ઠંડી અને ગરમી તેમજ ધુમ્મસનું પ્રમાણ વધુ જોવા મળે છે. કચ્છનો વિસ્તાર ૪૫,૬૭૪ સ્કવેર કિલોમીટર છે, એટલે હરિયાણા, કેરળ અને પૂર્વોત્તરનાં કેટલાંક રાજ્યો કરતાં પણ વિસ્તારની દષ્ટિએ કચ્છ મોટો પ્રદેશ છે. કચ્છની ખાસ વિશેષતા એ છે કે ત્યાં નાનું અને મોટું રણ આવેલ છે. ઉપરાંત બન્નીનું ઘાસિયું મેદાન પણ છે.

શિયાળામાં મોસમી પવનો અરવલ્લી પર્વતમાળાની સમાંતર ઉત્તરથી દક્ષિણ દિશા તરફ ગતિ કરે છે. આ ઠંડા પવનો હિમાલય તરફથી પંજાબ, હરિયાણા, રાજસ્થાન થઈને ગુજરાત પહોંચે છે અને રાજ્યના પશ્ચિમ ભાગમાં તાપમાન ઘટવા લાગે છે. હવામાન વિભાગે જણાવ્યા મુજબ, નલિયાની આસપાસ મોટાં તળાવ છે. કોઈ વિશાળ બાંધકામ નથી, આસપાસ જંગલ અને રણ વિસ્તાર છે, એટલે અહીં તાપમાન ઘટતું જાય છે. હવામાન વિભાગે નલિયા અને ભુજની તુલના કરી સ્થિતિને વધુ સ્પષ્ટ બનાવી. ૧૦૦ કિલોમીટર કરતાં પણ ઓછા અંતરે આવેલાં બન્ને શહેરના તાપમાનમાં સામાન્ય રીતે ૫ ડીગ્રી સેલ્સિયસનો ફેર રહે છે. કારણ છે ભૌગોલિક સ્થિતિ, વસતિ, બાંધકામ.

કચ્છમાંથી મુખ્યત્વે નલિયા ઉપરાંત ભુજ અને કંડલામાં હવામાન વિભાગે તાપમાન નોંધવાની વ્યવસ્થા ગોઠવી છે. એટલે કદાચ નલિયા કરતાં આસપાસના વિસ્તારમાં ઓછું તાપમાન હોય તોપણ નોંધાય નહીં, પરંતુ આવું થવાની સંભાવના ઓછી જ છે.

# રાજકોટ એઇમ્સનું કામ પૂરજોશમાં : ઓપીડી બાદ ટૂંક સમયમાં આઇપીડી શરૂ થશે

## જામનગર રોડ પર રૂા. ૧૧૯૫ કરોડના ખર્ચે ૨૦૧ એકરમાં બની રહેલી એઇમ્સ હોસ્પિટલ ૭૫૦ થી વધુ બેડથી સજ્જ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૬

વિવિધ ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી રહેલા રાજકોટમાં પ્રજાલક્ષી અનેક સુવિધાઓનો પણ ઉમેરો થઈ રહ્યો છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રના લોકોને સારી સુવિધા સભર આરોગ્યની સુવિધા મળી રહે તે માટે નિર્માણ પામેલી રાજકોટ એઇમ્સનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે.એઇમ્સમાં OPD બાદ હવે ટૂંક સમયમાં IPD પણ શરૂ થશે તેમ આધારભૂત વર્તુળો માંથી જાણવા મળી રહ્યું છે. મેડિકલ ક્ષેત્રે હરણફાળ ભરી રહેલા રાજકોટમાં AIIMS રૂપી વધુ એક ઘરેણું ઉમેરાઈ જવા પામ્યું છે. રાજકોટની ભાગોળે પરા પીપળીયા ગામે નિર્માણ પામી રહેલી ગુજરાતની પ્રથમ એઇમ્સ હોસ્પિટલનું કામ ફુલ સ્પીડમાં ચાલી રહ્યું છે.રાજકોટ જામનગર રોડ પર રૂપિયા ૧૧૯૫ કરોડના ખર્ચે ૨૦૧ એકરમાં બની રહેલી એઇમ્સ હોસ્પિટલ ૭૫૦ થી વધુ બેડથી સજ્જ હશે. મહત્ત્વનું છે કે, એક વર્ષ પહેલાં જ ૧૦૦ જેટલા બેડની સુવિધા શરૂ કરી દેવામાં આવી હતી અને હવે ટૂંક સમયમાં જ ઓપીડી પણ શરૂ કરવામાં આવશે. હાલ એઇમ્સ હોસ્પિટલની પાંચ બિલ્ડીંગો તૈયાર થઈ ગઈ છે.જેમાંથી એક બિલ્ડિંગમાં અત્યારે ઓપીડી શરૂ કરી દેવામાં આવી છે. અન્ય બે બિલ્ડિંગોમાં હોસ્ટેલ અને અધતન લેબ તૈયાર કરવામાં આવી રહી છે. આ સિવાય અન્ય બિલ્ડિંગનું કામ ટૂંક સમયમાં પૂર્ણ થઈ જશે. જે બાદ આગામી મેં અથવા જૂન મહિનામાં ઇન્ડોર સુવિધા પણ શરૂ થશે એટલે કે હોસ્પિટલ શરૂ કરી દેવામાં આવશે.

જો કે,આ પછી માત્ર ૩ થી ૪ વિભાગોની કામગીરી બાકી રહેશે અને વર્ષ ૨૦૨૩ ના અંત સુધીમાં આખી હોસ્પિટલ શરૂ થઈ જાય તેવી શક્યતા સેવાઇ રહી છે.

એઇમ્સના ડાયરેક્ટર ડોક્ટર સી.ડી.એસ કટોચે મીડિયાને જણાવ્યું હતું કે, અમારા તરફથી બધી કામગીરી પૂર્ણ કરી લેવામાં આવી છે સ્ટાફની ભરતી પણ કરી લેવામાં આવી છે અને હાલ નર્સિંગ સ્ટાફની ટ્રેનિંગ પણ શરૂ કરી દેવામાં આવી છે. IPD માટે જે સાધનોની જરૂર પડે તેની ખરીદી પણ કરવામાં આવી રહી છે.વધુમાં તેમણે જણાવ્યું હતું કે,હોસ્પિટલ ફર્નિચર માટેનો ઓર્ડર કરી દેવામાં આવ્યો છે.જ્યારે એઇમ્સની બિલ્ડીંગ તૈયાર થઈ જશે ત્યારે અમારી પાસે ૧૫ દિવસથી ૧ મહિનાની અંદર બધો જ સામાન આવી જશે. IPD ના ૫ જેટલા ટાવર બની રહ્યા છે. જેમાંથી બે જેટલા ટાવરો તૈયાર થઈ ગયા છે અને આ બંને ટાવરમાં ૨૫૦ બેડની કેપીસીટી ધરાવે છે. કટ્રક્શનમાં મોડું થવાને લીધે થોડુંક ડીલે થઇ રહ્યું છે. પરંતુ અઠવાડિયામાં એક વખત સતત કેન્દ્ર સરકાર અને એઇમ્સ અધિકારીઓ સતત ફોલોઅપ લઈ રહ્યા છે અને જલ્દીથી જલ્દી કામગીરી પૂર્ણ થાય તેવો પ્રયત કરી રહ્યા છે અને જૂન સુધીમાં આઇપીડી શરૂ કરી દેવામાં આવશે. આઇપીડીમાં ઓછામાં ઓછી ૧૮ જેટલી મલ્ટી સ્પેશિયાલિટી, ઓપરેશન થિયેટરનું કામ ઓક્ટોબર, નવેમ્બરમાં અને સીટી સ્કેનનું મશીન, ડાયગ્નોલોજીક રેડિયો સહિતની સુવિધાઓ શરૂ થઈ જશે અને ગુજરાતની જનતાને ૨૦૨૩ સુધીના અંત સુધીમાં એઇમ્સ હોસ્પિટલને અર્પણ કરવામાં આવશે.

જનતાને સારી સુવિધા મળે તેવો પ્રયત્ન પણ કરવામાં આવશે એટલે કહી શકાય કે ૨૦૨૩ ના અંત સુધીમાં ગુજરાતની જનતાને મોટાભાગની જે સુવિધા છે તે મળી જશે અને બે થી ત્રણ મહિનામાં જ મલ્ટી સ્પેશિયાલિટી સારવાર પણ શરૂ કરી દેવામાં આવશે. જેમાં ગંભીર રોગની સારવાર પણ થઈ શકે જેવા કે ઓપરેશન સહિતની જે સારવાર છે તે શરૂ થઈ જશે.

### તમામ સુવિધા સારવાર માટે સૌરાષ્ટ્રના લોકો માટે AIMS બનશે આર્શીવાદ રૂપ

રાજકોટ નજીક આવેલા પરા પીપળિયા ગામ પાસે ૨૦૧ એકરમાં હોસ્પિટલ આકાર પામી રહી છે. જેમાં કુલ ૭૫૦ બેડ હશે તેમાં મુખ્ય ૧૯ જેટલી બિલ્ડીંગો નિર્માણ બનાવાશે. મોટાભાગની બિલ્ડીંગોના કામ પૂર્ણતાના આરે છે. હોસ્પિટલના સ્પેશિયાલિટી વિભાગમાં ૧૨૦ બેડ હશે. જેમાં જનરલ સર્જરીના ૬૦ બેડ,ઓર્થોપેડિકસના ૩૦, આંખના વિભાગના ૧૫, નાકની સારવાર માટે ૧૫ બેડ ઉપલબ્ધ રહેશે. મેડિસિન વિભાગમાં ૧૬૫ બેડની વ્યવસ્થા હશે જે પૈકી જનરલ મેડિસિનના ૬૦, બાળકોના ૬૦, ચામડીના રોગ માટે ૧૫ તેમજ મનો ચિકિત્સક વિભાગમાં ૩૦ બેડની અને ગાયનેક વિભાગમાં ૭૫ બેડની સુવિધા ઉપલબ્ધ થશે.

# વાંકાનેર શહેરમાં બે દિવસમાં બે દીપડા પાંજરે પુરાયા



**(મયુર ઠાકોર દ્વારા)**
મોરબી, તા.૬

વાંકાનેરના ગ્રામ્ય વિસ્તાર બાદ હવે દીપડાઓ શહેર વિસ્તાર સુધી વિચરણ કરી રહ્યા છે ગઈકાલે વહેલી સવારે શહેરના દિગ્વિજયનગરમાં એક દીપડો પાંજરે કેદ થયા બાદ રાત્રીના એક દીપડો વાહન હડફેટે મૃત્યુ નિપજ્યા બાદ આજે વહેલી સવારે ૫.૩૦ કલાકે દિગ્વિજયનગરમાંથી પાંજરે પુરાયો હોવાનું વનવિભાગે જાહેર કર્યું છે.

વાંકાનેર ગ્રામ્ય વિસ્તારમાં દીપડાની રંજાડ હોવાની વ્યાપક ફરિયાદ બાદ ડાલામથ્થા જેવા દીપડા વાંકાનેર પેડક વિસ્તારમાં દિગ્વિજયનગર સુધી પહોંચ્યા હોવાની નાગરિકોની ફરિયાદ બાદ વનવિભાગ દ્વારા ગત અઠવાડિયે પાંજરા મુક્ત ગઈકાલે ગુરુવારે વહેલી સવારે ૬ વાગ્યે એક દીપડો પાંજરે પુરાયો હતો. આ ઉપરાંત વાંકાનેર નેશનલ હાઇ-વે ઉપર અજાણ્યા વાહન હડફેટે ચડી જતા એક ત્રણેક વર્ષના દીપડાનું મોત નિપજ્યા બાદ આજે વહેલી સવારે ૫.૩૦ કલાકે દિગ્વિજયનગર વિસ્તારમાં વધુ એક દીપડો પાંજરે પુરાયો હોવાનું વાંકાનેર ફોરેસ્ટ વિભાગે જાહેર કર્યું હતું.

દરમિયાન વાંકાનેર વનવિભાગના અધિકારી નરોડીયાએ જણાવ્યું હતું કે દિગ્વિજયનગરમાં ગઈકાલે દીપડો ઝડપાયા બાદ વધુ એક પાંજરૂ મુકવામાં આવતા આજે સવારે ૫.૩૦ કલાકે અંદાજે ૩થી ૫ વર્ષનો નર દીપડો પાંજરે પુરાયો છે. વધુમાં તેઓએ ઉમેર્યું હતું કે વાંકાનેર તાલુકાના મેસરીયા,રામપરા તેમજ ચોટીલાના ડુંગરાળ વિસ્તારમાંથી દીપડાઓ અહીં ચડી આવતા હોવાનું હાલમાં મનાઈ રહ્યું છે.

# વાંકાનેરની દોશી કોલેજમાં ગોલ્ડ મેડલની હેટ્રિક

## હેતલ વોરાએ ગોલ્ડ મેડલ મેળવીને વાંકાનેર તાલુકા અને રાતીદેવળી ગામનું ગૌરવ વધાર્યું



**(મયુર ઠાકોર દ્વારા)**
વાંકાનેર, તા.૬

દોશી કોલેજની વિદ્યાર્થીની વોરા હેતલને ૨૦મી જાન્યુઆરી ૨૦૨૩ના રોજ ત્રણ ગોલ્ડ મેડલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા રાજ્યપાલના હસ્તે આપવામાં આવશે.

વાંકાનેરની દોશી કોલેજને ગયા વર્ષે કુલ ત્રણ ગૌલ્ડ મેડલ અને ત્રણ પ્રાઈઝ મળેલા હતા ચાલુ વર્ષે વધારાના ત્રણ ગોલ્ડ મેડલ અને ત્રણ પ્રાઈઝ મુખ્ય વિષય ગુજરાતીની સાથે બીએ કરેલ વિદ્યાર્થીની હેતલ ત્રિભોવનભાઈ વોરાને પ્રાપ્ત થયેલ છે, જેઓને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા તા. ૨૦/૦૧/૨૦૨૩ ના રોજ પદવીદાન સમારંભમાં રાજ્યપાલના હસ્તે ગોલ્ડ મેડલો પ્રાપ્ત થશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ ગુજરાતી વિષયમાં બે ગોલ્ડ મેડલ અને બે પ્રાઈઝ તથા અર્થશાસ્ત્ર વિષયમાં એક ગોલ્ડ મેડલ અને એક પ્રાઈઝ મળેલ હતું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બધી જ કોલેજમાંથી મુખ્ય વિષય ગુજરાતી સાથે બી.એ.માં સૌથી વધુ માર્કસ કુ. હેતલ વીરાએ પ્રાપ્ત કરેલ છે, તેઓને પ્રમુખ, સેક્રેટરી, આચાર્ય અને સર્વે અધ્યાપકો દ્વારા અભિનંદન સાથે ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા દોશી કોલેજ પરિવારે પાઠવી હતી

# આજે ગુજરાતના સૌથી મોટા પ્રોપર્ટી-એકસ્પોનો પ્રારંભ

## રાજકોટ ઉપરાંત સમગ્ર સૌરાષ્ટ્રમાંથી હજારો લોકો મુલાકાત લેશેઃ પ્રવેશ માટે દુબઈ સ્ટાઈલ ટેકનોલોજીનો ઉપયોગ,રેસકોર્ષ મેદાનમાં વિશાળ છ ડોમમાં ૧૫૦ થી વધુ આધુનિક પ્રોજેકટો તથા ઈન્ટીરીયર પ્રોડકટો પ્રદશન માટે મુકાઈઃ પરેશ ગજેરા







(તસવીરઃ પંકજ ડાભી)

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૬

રાજકોટમાં બે વર્ષ બાદ પ્રથમવાર ગુજરાતના સૌથી મોટા પ્રોપર્ટી શોનો પ્રારંભ થયો છે. રાજયપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે આ પ્રોપર્ટી શો ખુલ્લો મુકવામાં આવ્યો હતો.. આ પ્રોપર્ટી શોમાં ૧૫૦ થી વધુ બિલ્ડીંગ પ્રોજેકટ પેશ થયા છે. ઉપરાંત ઈન્ટીરીયર પ્રોડકટના ૧૭૦ થી વધુ આકર્ષક સ્ટોલ છે. તેમાં દેશ-વિદેશની બ્રાંડો સામેલ છે. ઘરથી માંડીને ઈન્ટીરીયર સજાવટ એક જ સ્થળેથી થાય તેવી તકનું નિર્માણ કરવામાં આવ્યું છે. આવાસ લેવા માંગતા લોકોને ઘરની સાથોસાથ ઈન્ટીરીયર પસંદગીની પણ એક જ સ્થળેથી તક મળે તે માટે રાજકોટ બિલ્ડર્સ એસો તથા ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડીયન ઈન્ટીરીયર ડીઝાઈનર્સ દ્વારા સંયુકત રીતે આ પ્રોપર્ટી એકસ્પો એન્ડ શો કેશનું આયોજન કરવામાં આવ્યું છે.છેલ્લા વર્ષોનાં કોરોનાકાળ પછીનુ રાજકોટનું આ સૌથી મોટુ આયોજન છે. રેસકોર્ષ મેદાનથી ૫૦,૦૦૦ મીટરની વિશાળ જગ્યામાં આ પ્રોપર્ટી શો સમગ્ર ગુજરાતનો સૌથી મોટો છે.રાજયમાં કયારેય આટલા મોટાપાયે પ્રોપર્ટી શો યોજાયો નથી. છ વિશાળ જર્મન ડોમમાં બિલ્ડરો તથા ઈન્ટીરીયર ડીઝાઈનીંગના વિશાળ સ્ટોલ રાખવામાં આવ્યા છે.અદાણી, લોધા જેવી ટોચની રીયલ એસ્ટેટ કંપનીઓ પણ સામેલ છે.ઉપરાંત ઈન્ટીરીયર ડીઝાઈનની આંતરરાષ્ટ્રીય કંપનીઓ પણ જોવાઈ છે. રાજકોટ બિલ્ડર્સ એસો દ્વારા લોકોની ઘર-પ્રોપર્ટીની જરૂરીયાતોને લક્ષમાં રાખીને તથા આધુનિક જીવન શૈલીને અનુરૂપ પ્રોજેકટો નિર્દેશીત કરવા માટે નિયમીત રીતે પ્રોપર્ટી શો યોજાય છે તેમાં લાખો લોકો મુલાકાત લેતા હોય છે. વાસ્તવિક ખરીદારો યોગ્ય રીતે ઘરની શોધ કરી શકે તે માટે આ વખતે ખાસ ટેકનોલોજી આધારીત એન્ટ્રી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રેસકોર્ષ મેદાનમાં પ્રોપર્ટી એકસ્પોનું રાજયપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. છ દિવસ ચાલનારા આ એકસ્પોમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેબીનેટ પ્રધાનો સહીતનાં મહાનુભાવોને આમંત્રણ અપાયા છે. રાજકોટ સમગ્ર સૌરાષ્ટ્રનું પાટનગર છે અને અન્ય જીલ્લામાંથી મોટી સંખ્યામાં લોકો રાજકોટમાં કાયમી વસવાટ માટે આવતા હોય છે ત્યારે સમગ્ર સૌરાષ્ટ્રમાંથી લોકો પ્રોપર્ટી એકસ્પોમાં સામેલ થવાનું સ્પષ્ટ છે.આયોજકોનાં અંદાજ પ્રમાણે છ દિવસ દરમ્યાન સાડા ત્રણ લાખથી વધુ લોકો આવે તેવી શકયતા છે. એકસ્પોમાં ૩૦૦ થી વધુ વિશાળ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. ઉપરાંત કોન્ફરન્સ-સેમીનાર પણ યોજાનાર છે. ૫૦ જેટલા બીલ્ડરોનાં ૧૫૦ થી વધુ પ્રોજેકટોનું ડીસ્પ્લે રાખવામાં આવ્યુ છે. જયારે ઈન્ટીરીયર ડીઝાઈનીંગના વધુ સ્ટોલ છે. ડીઝાઈનર ડોમમાં પ્રોપર્ટી ઝોન, રીક્રીએશન ડોમ ઉભા કરવામાં આવ્યા છે. આ સિવાય મુલાકાતીઓમાં આકર્ષણ સર્જવા માટે દરરોજ જુદા જુદા રંગારંગ કાર્યક્રમો પણ રાખવામાં આવ્યા છે. બોલીવુડ હિરોઈન અમીષા પટેલ તથા ઈશીતા દત્તા હાજરી આપવાના છે. સ્થાનિક લોક કલાને પ્રોત્સાહન મળે તે માટે લોક કલાકારો પણ કલાના કામણ પીરસશે. બોલીવુડના અન્ય જાણીતા કલાકારોના પરર્ફોમન્સ કોન્સર્ટ પણ છે.

# રાજકોટમાં મતદાર યાદી સુધારણા સહિત સાત મહત્વના મુદ્દે ચૂંટણી પંચની સમીક્ષા

## અતિ પછાત વિસ્તારોમાં મતદારોના નામ શોધીને મતદાર યાદીમાં ઉમેરવા, ચૂંટણીકાર્ડ આધાર સાથે લીંકઅપ ઝુંબેશ ચલાવવા સૂચના

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૬

રાજકોટમાં મતદાર યાદી સુધારણા સહિત સાત મહત્વના મુદ્દે ચૂંટણી પંચની સમીક્ષા બેઠક યોજાઇ હતી અને અતિ પછાત વિસ્તારોમાં મતદારોના નામ શોધીને મતદાર યાદીમાં ઉમેરવા તથા ચૂંટણીકાર્ડને આધાર કાર્ડ સાથે લીંકઅપ કરવાની ઝુંબેશ ચલાવવા સૂચના અપાઇ હતી. વિધાનસભાની ચૂંટણી પુરી થતા જ રાજ્ય ચૂંટણી પંચે હવે લોકસભાની ચૂંટણીની તૈયારી આરંભી દીધી છે અને ૧-૧-૨૦૨૩ ની સ્થિતિએ મતદાર યાદીમાં સુધારણા સહિત સાત મહત્વના મુદ્દે તમામ જિલ્લાના કલેકટરો સાથે વીડિયો કોન્ફરન્સ યોજી હતી જેમાં રાજકોટ શહેર-જિલ્લામાં માત્ર ૮ થી ૮.૫ ટકા મતદારોએ જ ચૂંટણી કાર્ડનું આધાર સાથે લીંકઅપ કર્યાનું જાણી ચૂંટણી પંચના અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા અને તેની ઝુંબેશ ચલાવવા સૂચના આપી હતી.




રાજકોટ અધિક જિલ્લા ચૂંટણી અધિકારી એસ.જે.ખાચરે જણાવ્યું હતું કે, ચૂંટણી પંચના સીઇઓ દ્વારા તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી જેમાં પ્રતિસાદ મળ્યો હોય અને જિલ્લામાં માત્ર ૮ થી ૮.૫ ટકા લીંકઅપની કામગીરી થઇ હોય તમામ ઇઆરઓને તંત્રને કામે લગાડવા આદેશ કરાયો છે. મતદારો પાસે ડોર-ટુ ડોર સંપર્ક કરી તેમના આધાર મેળવી ચૂંટણી કાર્ડ સાથે લીંકઅપ કરવા તાકીદ કરાઇ હતી.

૧-૧-૨૦૨૩ ની સ્થિતીએ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ બાકી હોય ટૂંક સમયમાં તેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવશે તેમ જણાવી તેને લગતી તૈયારી કરી રાખવા જણાવ્યું હતું.

તેમજ રાજકોટ જિલ્લામાં મતદારોના ચૂંટણી કાર્ડ આધાર સાથે લીંકઅપ કરવાની કામગીરીને વેગવાન બનાવવા તાકીદ કરાઈ હતી.

આ બેઠકમાં જણાવાયું હતું કે માત્ર ૨ લાખ મતદારોના ચૂંટણી કાર્ડ અને આધાર લીંકઅપ છે.

રાજકોટ જિલ્લામાં ૨૩.૦૫ લાખથી વધુ મતદારો નોંધાયેલા છે જેમાંથી ૮.૫ ટકા જેટલા એટલે કે અંદાજે ૨ લાખ આસપાસ મતદારોના ચૂંટણી કાર્ડ અને આધાર લીંકઅપ થયા છે. આ કામગીરી ફરજિયાત ન હોવાથી મતદારોનો ઓછો રસ હોવાનું જાણવા મળ્યું હતું.

અતિ પછાત મતદારોના નામ મતદાર યાદીમાં ઉમેરવા ઝુંબેશ ચલાવવા સૂચના અપાઇ હતી.

ચૂંટણી પંચે અતિ પછાત મતદારોના નામ મતદાર યાદીમાં છે કે નહી તેની ચકાસણી કરી તેના નામો મતદાર યાદીમાં ઉમેરવા તાકીદ કરી હતી.

રાજકોટ જિલ્લામાં આવા ૧૧૦૦ જેટલા મતદારો નોંધાયેલા છે. તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.


**Rajkot Municipal Corporation**
**e-Tender Notice**

Rajkot Municipal Corporation, ENGINEERING DEPARTMENT, WEST ZONE, Shri Harisinhji Gohil Bhavan, 150' Ring Road, Rajkot - 360005 invites e-Tenders on percentage rate basis with two bid system from experienced contractors registered in appropriate class with GWSSB OR State / Central Government for the work detailed below:

| Sr | Name of work |
|---|---|
| 1 | PROVIDING AND FIXING OF INTERLOCKING PAVING BLOCK IN SIDE SHOULDERS AT NILKANTH NAGAR AND LIMDA LANE UNDER JANBHAGIDARI IN WARD NO. 9 (RETENDER) **(ECV Rs.37,00,000/-)** |
| 2 | PROVIDING AND FIXING OF INTERLOCKING PAVING BLOCK IN SIDE SHOULDERS AT SARITA PARK UNDER JANBHAGIDARI IN WARD NO. 9 (RETENDER) **(ECV Rs.15,00,000/-)** |

The last date for downloading and submission of online eTenders at www.rmc.nprocure.com is 31/01/2023. For more details please visit http://www.rmc.gov.in/rmcwebsite/tender.aspx. City Engineer

# રવિવારે શાસ્ત્રી મેદાન ખાતે ભવ્ય ડોગ-શોનું આયોજનઃ ૫૦૦ થી વધુ ડોગ ભાગ લેશે

**સવારે ૯ થી સાંજના ૫ સુધી આયોજનઃ ૩૦ થી વધુ પ્રજાતીના ડોગ જોવા મળશે, સૌરાષ્ટ્ર કચ્છના શહેરોમાંથી ડોગ ભાગ લેશેઃ ૫૦૦ ગ્રામ વજનના ટોય બ્રિડથી ૧૦૦ કિલોના મોટી બ્રિડના શ્વાન લોકોને જોવા મળશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

શહેરના સૌરાષ્ટ્ર કચ્છ પેટ ટ્રેડર્સ અને બ્રિડર્સ એસોસિએશન દ્વારા ૮ જાન્યુઆરીના રવિવારે સવારે ૯ થી સાંજના ૫ સુધી ભવ્ય ડોગ-શો આયોજન શાસ્ત્રી મેદાન કરવામાં આવેલ છે જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૩૦ થી વધુ બ્રિડના ૫૦૦ થી વધુ શ્વાનો ભાગ લઈ રહ્યા છે. આ શો ના આકર્ષણમાં ૫૦૦ ગ્રામના વજનથી લઈને ૧૦૦ કિલોના કદાવર શ્વાન ડોગ લવર્સને જોવા મળશે.

ડોગ-શો માં ભાગ લેવા માટે શ્વાન માલિકોએ તા.૫ જાન્યુઆરી સુધીમાં વિવિધ પેટશોપ ખાતે પોતાના શ્વાનની એન્ટ્રી પાસ મેળવી લેવા જણાવેલ છે.



'સૌરાષ્ટ્ર ક્રાંતી'ની મુલાકાતે આવેલા અરૂણ દવે, ઈન્દુભા રાઓલ વગેરે તસ્વીરમાં નજરે પડે છે.

ડોગ-શોમાં વિવિધ પ્રજાતીના શ્વાનોમાં પોમેરેનીયન, જર્મન શેફર્ડ, લેબ્રાડોર, ગ્રટડેન, ડોબરમેન ગોલ્ડન રીટીવર, પીટબુલ, ડાલમેશીયન, ચાઉ-ચાઉ, મેસ્ટીફ, શેનબનાર્ડ જેવા લાખેણી કિંમતના વિદેશી બ્રિડોના શ્વાન જોવા મળશે. આ શોના નિણાર્યક તરીકે યશ શ્રી વાસ્તવ (ભોપાલ) અને પૃથ્વી પાટીલ (બરોઠા) સેવા આપશે.

સમગ્ર શોમાં મેડિકલની વેટરનરી ટીમ હાજર રહીને ડોગ-શો માં ડોગ ટ્રીટમેન્ટ માહિતી અને રસીકરણ જેવી બાબતે શ્વાન માલિકોમાં જાગૃતિ પ્રસરાવશે. શાસ્ત્રી મેદાનના વિશાળ ગ્રાઉન્ડમાં ડોગ-શો ની રીંગ, વિવિધ કંપનીના સ્ટોલ, માહિતી કેન્દ્ર અને શહેરના વિવિધ પેટશોપના સ્ટોલ રાખવામાં આવશે.

**શો-સમયે ડોગનું સ્પોટ રજીસ્ટ્રેશન કરવામાં આવશેઃ અરૂણ દવે**

ડોગ-શો માં ભાગ લેનારે સવારે ૮:૩૦ કલાકે પોતાની એન્ટ્રી પાસ બતાવીને રજીસ્ટ્રેશન ફરજીયાત કરાવી લેવું. વિશેષ માહિતી માટે ૯૮૨૪૯ ૦૭૪૩૧ તથા ૯૮૨૫૪ ૪૦૦૪૫ ઉપર સંપર્ક કરવો. તેમ પ્રમુખ ભુવનેશ પંડયાએ જણાવ્યું હતું.

# વાંકાનેરના અદેપર ગામની સીમમાંથી જુગાર રમતા ચાર પત્તાપ્રેમી ઝડપાયા




**(મયુર ઠાકોર દ્વારા)**

વાંકાનેર, તા.૬

વાંકાનેર તાલુકાના અદેપર ગામની સીમમાંથી વાંકાનેર તાલુકા પોલીસે જુગાર રમતા ચાર શખ્સને ઝડપી લઈ રોકડા રૂપિયા ૧૭,૧૦૦ કબ્જે કર્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર તાલુકા પોલીસે પેટ્રોલિંગ દરમિયાન બાતમીને આધારે અદેપર ગામની સીમમાં તળાવ કાંઠે જાહેરમાં જુગાર રમી રહેલા રમેશભાઇ મીઠાભાઇ મેર, રહે.નાળીયેરી તા.ચોટીલા, રમેશભાઇ ઉર્ફે દેવો માવજીભાઇ ચૌહાણ, રહે.સરોડી તા.થાનગઢ, છગનભાઇ રામજીભાઇ ગોરીયા, રહે.સતાપર તા.વાંકાનેર અને વનાભાઇ ગેલાભાઇ મેર, રહે.સતાપર વાળાને તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા ઝડપી લઈ રોકડા રૂપિયા ૧૭,૧૦૦ કબ્જે કરી જુગારધારા અન્વયે કાર્યવાહી હાથ ધરી હતી.

# ચેક રીટર્ન કેસમાં આરોપીને છ માસની કેદ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

ચેક રીર્ટનના કેસમાં આરોપીને છ માસની સજા તથા ૩.૩૦ લાખનું વળતર ચુકવવાનો હુકમ કર્યો છે. તેમજ રૂા.૩.૩૦ લાખ પુરા દિવસ-૩૦ માં વળતર ન ચુકવે તો વધુ છ માસની સજાનો હુકમ કર્યો છે.

ઉપરોકત કેસની વિગત એવી છે કે, ફરિયાદી મનસુખભાઈ રામજીભાઈ હાપલીયા સંબંધી જમાઈ જગદીશભાઈ રણછોડભાઈ અકબરી ધંધાના વિકાસ માટે નાણાંની જરૂરીયાત હોય. આરોપીએ ફરિયાદી પાસેથી સંબંધી હોવાના કારણે રકમ રૂા.૩,૫૦,૦૦૦ ધંધાના વિકાસ માટે લીધેલ હતા.

આમ, આરોપીએ ફરિયાદીને આપેલ ચેક પોતાની બેંકમાં વટાવવા નાખતા રીટર્ન થયેલ. જેથી ફરિયાદીના વકીલ દ્વારા આરોપીને નોટીસ આપેલ અને ફરિયાદ દાખલ કરતા, આરોપી સામે કોર્ટે પ્રોસેસ ઈશ્યુ કરતા આરોપી કોર્ટમાં હાજર થયેલ અને સબબ ગુનો કબુલાત ન કરતા કોર્ટ યોગ્ય કાર્યવાહી કરવાનો હુકમ કરેલ. ત્યારબાદ આરોપીએ ફરિયાદીને કોર્ટ મારફત માત્ર રૂા.૨૦,૦૦૦ જમા કરાવેલ હતા તેમજ બાકીની રકમ ભરવા માટે કોર્ટે પુરતી તકો આપેલ તેમજ ફરિયાદીની ઉલટ તપાસ માટે અનેક તકો આપેલ હતી.

આમ, ફરિયાદ પક્ષના વકીલની દલીલને ધ્યાને લઈને આરોપીને છ માસની સજા તેમજ રકમ રૂા.૩,૩૦,૦૦૦ વળતર પેટે ફરિયાદીને દિવસ-૩૦ માં ચુકવવાનો કોર્ટે હુકમ કરેલ હતો. જો રૂા.૩,૦૦૦૦ વળતર ચુકવવા નિષ્ફળ જાય તો આરોપીને વધુ છ માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવેલ છે. આ કેસમાં ફરિયાદી વતી એડવોકેટ યોગેશ એ. ઉદાણીના જુનિયર વકીલ અશોક જી. જાદવ, કિશન ડી. વાગડીયા, કુલદીપ એચ. ડાંગર તથા સલાહકાર મિત્ર હિરેન એચ. હાપલીયા રોકાયેલ હતા.

# મહિલા વકીલ સાથે ગાંધર્વ લગ્ન કરી છેતરપીંડી આચર્યાના ગુન્હામાં આરોપીના જામીન નામંજૂર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

રાજકોટના મહિલા વકીલ સાથે ગાંધર્વ લગ્ન કરી ૩ લાખની છેતરપીંડી આચર્યાના ગુનામાં ગીર સોમનાથ જિલ્લાના વેરાવળના આરોપી નિકુંજ ભરતભાઈ ચાંડેગરાની જામીન અરજી કોર્ટે નામંજૂર કરેલ છે.

આ કેસની વિગત જોઈએ તો, રાજકોટમાં નાણાંવટી ચોક પાસે લક્ષ્મીભવન ભરતવન સોસાયટીમાં રહેતા અને એડવોકેટની પ્રેક્ટિસ કરતા મહિલા વકીલના અગાઉ છુટાછેડા થયા બાદ ઓનલાઇન જીવનસાથી ડોટકોમ વેબસાઈટ ઉપર ગીર સોમનાથના વેરાવળમાં રહેતા આરોપી નિકુંજ ભરતભાઈ ચાંડેગરાનો સંપર્ક થયેલ.


એડવોકેટઃ કોમલ રાવલ,


એડવોકેટઃ પૂજાબેન જોશી

બંને વચ્ચે ઓળખાણ થઈ હતી અને વોટ્સએપ ચેટિંગમાં મુલાકાત બાદ નિકુંજ ભરતભાઈ ચાંડેગરાએ જૂનાગઢ લઈ જઈ ગાંધર્વ લગ્ન કરી લીધા હતા. અને મહિલા વકીલ પાસેથી રોકડ રૂપિયા અને અન્ય ખર્ચ કરાવી રૂ.૩ લાખની છેતરપીંડી આચર્યાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાવી હતી. જે કેસમાં છેતરપીંડી આચરનાર આરોપી નિકુંજની પોલીસે ધરપકડ કરી લીધી હતી. જે બાદ આરોપીએ જામીન માટે અરજી કરતા મૂળ ફરિયાદીના વકીલ અને સરકારી વકીલ વાંધા નોંધાવી જામીન અરજીનો સખત વિરોધ કર્યો હતો.

મૂળ ફરિયાદીના વકીલ અને સરકારી વકીલની ધારદાર દલીલો અને રજૂ રાખેલા પુરાવા તેમજ સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટના ટાંકેલા ચુકાદા ધ્યાને લઈ કોર્ટે આરોપી નિકુંજની જામીન અરજી નામંજૂર કરતો હુકમ ફરમાવ્યો હતો.

આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ પૂજાબેન જોશી તેમજ મૂળ ફરિયાદી તરફે એડવોકેટ બકુલ રાજાણી, કોમલ રાવલ તથા યશ પી. જગડ રોકાયેલ છે.

# અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજમાં ફાયર સેફટીના અભાવે બિલ્ડીંગ સીલ

**ફાયર વિભાગને મહિનાઓ બાદ ખબર પડી કે મેડિકલ કોલેજમાં ફાયર સેફટી જ નથી**

**ફાયર સેફટી વિભાગે જે કોઈ બિલ્ડીંગમાં ફાયર સેફટી નહી હોય તે તમામને સીલ કરવાની તૈયારી કરી**



**(મિલાપ રૂપારેલીયા દ્વારા)**

અમરેલી, તા.૬

અમરેલીમાં કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થઈને પાંચેક વર્ષથી કાર્યરત થયેલ મેડિકલ કોલેજમાં ફાયર સેફટીની સુવિધા જ ન હતી. અને કોઈ પૂછવાવાળુ જ ન હતું. પરંતુ, ફાયર સેફટી વિભાગે કોલેજને સીલ મારી દીધું. ત્યારે, અત્યાર સુધી ફાયર વિભાગ કઈ નિંદ્રામાં સૂઈ ગયો હતો તેવો પ્રશ્ન ઉભો થઈ રહયો છે. હજુ પણ શહેરમાં અનેક બિલ્ડીંગોમાં ફાયર સેફટીનો અભાવ જોવા મળી રહયો છે.

શાંતાબા મેડિકલ કોલેજ એજયુકેશન કેમ્પસને પહેલીવખત સીલ મારી કાર્યવાહી કરવામાં આવતા કોલેજ વિવાદ સાથે શહેરમાં ચર્ચાનું કેન્દ્ર બની છે. આટલા મોટા આધુનિક બિલ્ડીંગ હોવા છતાં સેફટીના સાધનો ન હોવાને કારણે કોલેજના સતાધિશો સામે પણ સવાલો ઉઠી રહયા છે. અમરેલી ફાયર સેફટી વિભાગના ઓફિસર ટીમ સાથે મેડિકલ કોલેજે ધસી ગયેલ હતા અને કોલેજને સીલ કરી દેવામાં આવી હતી. શહેરના અલગ-અલગ વિસ્તારમાં આવેલી બિલ્ડીંગની તપાસણી શરૂ કરવામાં આવી છે અને ફાયર સેફટીનો અભાવ જોવા મળશે ત્યાં ફાયર વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.

અમરેલી ફાયર ઓફિસર એચ.સી. ગઢવીએ જણાવ્યું ગુજરાતમાં ફાયર સેફટી સુવિધા ઉભી કરવા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. વિવિધ બિલ્ડીંગમાં ચકાસવામાં આવશે. શાંતાબા મેડિકલ કોલેજમાં સીલની કાર્યવાહી કરી હજુ અન્ય બિલ્ડીંગમાં પણ ફાયર સેફટીનો અભાવ જોવા મળશે તો કાર્યવાહી હાથ ધરાશે.

# હેમલ પેશીવાડીયાનો આજે જન્મદિવસ



રાજકોટઃ હેમલ પેશીવાડીયાનો આજે જન્મદિવસ છે. તેઓ શહેર કોંગ્રેસ સોશિયલ મીડિયાના ચેરમેન છે. આજે તેઓ પોતાના યશસ્વી જીવનના ૩૯ વર્ષ પૂર્ણ કરી ૪૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. ત્યારે શહેર કોંગ્રેસ સમિતિ કાર્યકારી પ્રમુખ સંજયભાઈ અજુડીયા, પૂર્વ કોર્પોરેટર જાગૃતિબેન ડાંગર, પ્રભાતભાઈ ડાંગર, કમલેશભાઈ, અશ્વિનભાઈ, ભાર્ગત પઢીયાર, હરીશ ડોડીયા, વિજયસિંહ જાડેજા, ગોપાલ મોરવાડિયા તેમજ મિત્રો સ્નેહીજનો સહિતનાઓ મો.૯૪૨૬૯૨૯૫૨૯ પર જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

**ઓફીસ ભાડે આપવાની છે**

ગોડલ રોડ પર, રામ ચેમ્બર્સ, પહેલો માળ, ફનિચર સાથે ઓફીસ ભાડે આપવાની છે. ભાડુ રૂ.૬૦૦૦

સંપર્કઃ ૯૮૨૫૩ ૧૭૬૦૭

# અમરેલીના કામનાથ સરોવરના પુલ ઉપર ટ્રેકટર અને પીકઅપ વાન વચ્ચે અકસ્માતમાં પાંચ શ્રમિકોને ઈજા પહોંચી

**અકસ્માતથી બોલેરો પીકઅપનો પાછળનો ભાગ તથા ટ્રેકટરની ટ્રોલીઅલગ થઈ ગયા**

**(મિલાપ રૂપારેલીયા દ્વારા)**

અમરેલી, તા.૬

અમરેલીનાં કામનાથ સરોવર ઉપરના પુલ ઉપર ગઈકાલે રાત્રિનાં આઠેક વાગ્યાના સુમારે એક ટ્રેકટર અને પીકઅપ વાન વચ્ચે જોરદાર અકસ્માત સર્જાતા ટ્રોલી ટ્રેકટરથી છુટી પડી જતાં પાણીમાં ખાબકતાં પાંચ જેટલા મજુરોને ઈજા થતાં સારવારમાં ખસેડાયેલ હતા. અકસ્માતમાં પીકઅપ વાનનો પાછળનાં ભાગ પણ અલગ થઈ ગયેલ હતો.

પ્રાપ્ત વિગત મુજબ ગઈકાલે રાત્રિના આઠ વાગ્યાનાં સુમારે અમરેલી શહેરના કામનાથ સરોવર ઉપર આવેલા રેલીંગ વગરના જુના પુલ ઉપર એક એક પીકઅપ વાન અને ટ્રેકટર-ટ્રોલી વચ્ચે અકસ્માત સર્જાયેલ હતો. અકસ્માત એટલો જોરદાર હતો કે, ટ્રેકટરની ટ્રોલી ટ્રેકટરથી તુટી જઈ અને અલગ થઈ અને પુલ નીચે નદીના પાણીમાં ખાબકેલ હતી. આ અકસ્માતની ઘટનામાં પીકઅપ વાનનો પાછળનો ભાગ અલગ થઈ ગયેલ હતો. આ ટ્રેકટરની ટ્રોલીમાં પાંચ જેટલા શ્રમિકો સવાર હોવાનું સ્થાનિક રાહદારીઓએ જણાવેલ હતું. જેમાં બે જેટલા મજુરો ટ્રોલી સાથે પાણીમાં ખાબકેલ હતા. જેમને સ્થાનિક રહિશોએ બહાર કાઢેલ હતા. તેમજ અન્ય ત્રણ મજુરોને પણ ઈજા થયેલ હતી. પાંચેય મજુરોને ૧૦૮માં સારવાર અર્થે દવાખાને ખસેડવામાં આવેલ હતા. અકસ્માત સર્જાતાં પુલ ઉપર રાહદારીઓ મોટી સંખ્યામાં એકઠા થઈ ગયેલ હતા. અકસ્માતમાં મોટી જાનહાની ટળેલહતી. પાંચેય મજુરોને સામાન્ય ઈજા થયાનું સ્થાનિક સુત્રોએ જણાવેલ હતું.



ઘટના અંગે હજુ પોલીસમાં કોઈ જાહેરાત થયેલ નથી. દવાખાને સારવારમાં ખસેડાયેલા રાકેશ છગનભાઈ કાલેણા (ઉ.વ.૩૦) નિલેશ કાળુભાઈ (ઉ.વ.૨૪) સુનિલ ખીમસી બારીયા ઉ.વ.૨૪, જીતેન્દ્ર ફતેસીંગ બારીયા ઉ.વ.૨૧, દિનેશ રમેશભાઈ બારીયા (ઉ.વ.૨૫) ને સામાન્ય ઈજા થયેલ હતી.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## કાલે ભારત અને શ્રીલંકા વચ્ચે શ્રેણીનો ફાઈનલ રોમાંચક જંગ

ક્રિકેટરસિકોએ ટિકિટ માટે છેલ્લી ઘડી સુધી લાવ...લાવ... કર્યું હતું અને જે ભાવની ટિકિટ મળી તે ભાવની ટિકિટની ખરીદી કરી આ મેચના સાક્ષી બનવા માટે છેવટ સુધી તાકાત લગાવી દીધી હતી.

દરમિયાન ભારત-શ્રીલંકા ટીમના ક્રિકેટરો રાજકોટ એરપોર્ટ ઉપર ઉતર્યા ત્યારે તેમની એક ઝલક મેળવવા માટે કડકડતી ઠંડી વચ્ચે તેમના ચાહકો ત્યાં ગોઠવાઈ ગયા હતા. ખાસ કરીને ગુજ્જુ ખેલાડી હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ, હર્ષલ પટેલને જોવા માટે ચાહકોનો રીતસરનો મેળાવડો જામ્યો હતો. આ ઉપરાંત ઈશાન કિશન, સૂર્યકુમાર યાદવ સહિતના ખેલાડીઓ સાથે તસવીર ખેંચાવવા તેમજ ઓટોગ્રાફ લેવા માટે લોકોએ પડાપડી કરી મુકી હતી. એરપોર્ટ પરથી રવાના થયા બાદ ખેલાડીઓનું રસ્તામાં પણ રાજકોટના લોકોએ સ્વાગત કર્યું હતું તો જ્યાં આ ખેલાડીઓને ઉતારો આપવામાં આવ્યો છે.

તે બન્ને હોટેલ દ્વારા ખેલાડીઓનું કાઠીયાવાડી પરંપરાથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સૌથી પહેલા ક્રિકેટરોના કપાળ પર તીલક કરાયું હતું. આ પછી ગરબાના વિવિધ સ્ટેપ્સ થકી તેમનું ગ્રાન્ડ વેલકમ કરવામાં આવ્યું હતું. એક વાત એ પણ નોંધવી રહી કે રાજકોટમાં અત્યારે કડકડતી ઠંડી પડી રહી છે. સૌરાષ્ટ્ર-રાજકોટના લોકો ઠંડીની પરવા કર્યા વગર સ્ટેડિયમમાં હાજર રહીને મેચ નિહાળવા માટે આતૂર છે. બીજી બાજુ મેચ માટે દર્શકોને બપોરે ૪ વાગ્યાથી જ સ્ટેડિયમમાં પ્રવેશ આપવાનું શરૂ કરી દેવામાં આવશે.(૨.૧૨)

## વિદેશથી ભારત આવેલા ૧૪ યાત્રીઓમાં મળી આવ્યો ચીનમાં તબાહી મચાવનાર વેરીએન્ટ

ભારત પહોંચેલા યાત્રીઓની માહિતી શેર કરતાં જણાવ્યું હતું કે,ભારત આવેલ સંક્રમિત યાત્રીઓમાં સૌથી વધુ એકસબીબી વેરીએન્ટ મળ્યો છે જે કોરોના વાયરસના ઓમિક્રોન વેરીએન્ટમાંથી નીકળ્યા છે. છેલ્લા ૧૧ દિવસમાં વિદેશથી આવેલા ૯ લાખ માંથી ૫ હજાર યાત્રીઓની વિમાન મથકે તપાસ થઈ હતી અત્યાર સુધી ૧૨૪ માંથી ૪૦ લોકોના રીપોર્ટ મળી ચુકયા છે.જેમાં જાણવા મળ્યું કે, સૌથી વધુ ૧૪ દર્દીઓમાં કોરોના વાયરસનો એકસબીબી.૧ એકસબીબી.૨ અને એકબીબી.૩.૪.૫ વેરીએન્ટ હતો.રીપોર્ટ મુજબ ભારતમાં વિદેશથી આવેલા યાત્રીઓમાંથી ઓમિક્રોનનાં કુલ ૧૧ સબ વેરીએન્ટ મળી આવ્યા છે. કોરોનના પગરવ થયાનું જણાતા તંત્ર પણ દોડતું થયું હતું.

## યુપીના કાનપુરમાં કાતિલ ઠંડીનું મોજું, ૨૫ ના મોત

વધુ મોત થયા છે. જેમાં ૧૭ને તો સારવાર માટેનો પણ સમય મળ્યો ન હતો અને ભારે ઠંડીથી લોહી જામી જતા તેમના તત્કાલ મૃત્યુ થયા છે. ભારે ઠંડીને કારણે બ્લડપ્રેસર વધી જતા હાર્ટએટેક અને બ્રેઈન એટેક પણ આવવા લાગ્યા છે. કાર્ડીયોલોજી સંસ્થાના કંટ્રોલરૂમના જણાવ્યા મુજબ ગુરુવારે ઈમરજન્સીમાં ૭૨૩ દર્દીઓ આવ્યા હતા જેમાં ૪૧ની હાલત અત્યંત ગંભીર માનવામાં આવી રહી છે.

## સોનાના ભાવમાં એકધારી તેજી, એક વર્ષમાં ૧૬ ટકા રીટર્ન આપતી પીળીધાતુ

વચ્ચે પણ આ પીળી ધાતુ ધીમે ધીમે રેકોર્ડ હાઇ ભાવો તરફ આગળ વધી રહી છે. જો કે વધતા ભાવોના કારણે રોકાણકારો ઓછો રસ દાખવી રહ્યા છે અને આભૂષણોના વેચાણને પણ અસર થઇ રહી છે. તેમ છતાં વિશ્લેષકો ભલામણ કરે છે કે આ વર્ષે જ્યારે પણ ભાવોમાં ઘટાડો આવે ત્યારે સોનુ ખરીદવું જોઇએ કેમકે આગામી મહિનાઓમાં તેના ભાવો વધી શકે છે.

## બેંક ગ્રાહકોને રાહતઃ હવે KYC ઓનલાઈન થઇ શકશે

એપ મારફત ડીઝીટલ રી-કેવાયસી પ્રક્રિયા પૂર્ણ થતી નથી. આરબીઆઈના જણાવ્યા મુજબ ગ્રાહક તેના રજીસ્ટર, ઈમેલ આઈડી, મોબાઈલ નંબર, એટીએમ કે ઓનલાઈન બેંકીંગ અથવા તો ઈન્ટરનેટ બેંકીંગ કે મોબાઈલ એપ દ્વારા કે પત્ર લખીને પણ કેવાયસી પ્રક્રિયા પુર્ણ કરી શકે છે.

**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**

**મો.9429787729**

email:-saurashtrakranti@gmail.com

## રાજકોટ મહાનગરપાલિકાની ટી.પી. શાખા દ્વારા

# રેલનગરમાં ગેરકાયદેસર બાંધકામ દૂર કરી ૪૪ કરોડની જમીન ખુલ્લી કરાઈ




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

મ્યુનિ. કમિશ્નર અમિત અરોરાની સૂચના અનુસાર તથા ટાઉન પ્લાનિંગ ઓફિસર એમ. ડી. સાગઠીયાના માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા તા.૫ જાન્યુઆરીના રોજ શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તાર પૈકી વોર્ડ નં.૩માં ટી.પી. સ્કીમ-૧૯(રાજકોટ), એફ.પી.-૧૨/એ, રેલનગરમાં રાજકોટ મહાનગરપાલિકાના એસ.ઈ.ડબ્લ્યુ.એસ.એચ હેતુના અનામત પ્લોટમાં રૂમનું ચાલુ ગેરકાયદેસર બાંધકામ દુર કરી, અંદાજે ૪૪ (ચુમાલીસ) કરોડની કિંમતની ૮૮૨૦ ચો.મી. જમીન ખુલ્લી કરાવવામાં આવેલ છે.

આ કામગીરીમાં ટાઉન પ્લાનિંગ શાખાના સેન્ટ્રલ ઝોનનો તમામ સ્ટાફ તેમજ જગ્યા રોકાણ અને રોશની શાખાનો સ્ટાફ સ્થળ પર હાજર રહેલ તથા આ કામગીરી દરમ્યાન સ્થાનિકે કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે વિજિલન્સ શાખાનો સ્ટાફ પણ સ્થળ પર હાજર રહેલ.

# વોર્ડ નં.૨ માં ગીતગુર્જરી સોસાયટીમાં નવનિર્મિત વોર્ડ ઓફિસનું લોકાર્પણ કરતા ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

વોર્ડ નં.૨ માં ગીતગુર્જરી સોસાયટીમાં નવનિર્મિત વોર્ડ ઓફિસનું લોકાર્પણ વિધાનસભા-૬૯ના ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહના વરદ હસ્તે કરાયું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર ડો.પ્રદીપભાઈ ડવ ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ, મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા, શહેર ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ઠાકુર, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, સ્થાયી સમિતિ સભ્ય તથા વોર્ડ નં.૨ના કોર્પોરેટર મનિષભાઈ રાડીયા તથા જયમીનભાઇ ઠાકર તથા કોર્પોરેટર મીનાબા જાડેજા વોર્ડના પ્રભારી મનુભાઈ વઘાસીયા, વોર્ડના પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ, વોર્ડના મહામંત્રી દશરથભાઈ વાળા તથા ભાવેશભાઈ ટોયટા, શહેર ભાજપ મંત્રી દીપાબેન કાચા, પૂર્વ કોર્પોરેટર જસુમતીબેન વસાણી, ધર્મેન્દ્રભાઈ મીરાણી, અનિલભાઈ મકવાણા, વોર્ડ અગ્રણી અજયસિંહ જાડેજા, ગુલાબસિંહ જાડેજા, જયસુખભાઈ પરમાર, કૌશિકભાઈ અઢીયા, જે.ડી.ઉપાધ્યાય, નિલેશભાઈ તેરૈયા, પૃથ્વીસિંહ વાળા, જોરાવરસિંહ ઝાલા, જયરાજસિંહ જાડેજા, જય પંડયા, જેન્તીભાઈ બુધેલીયા, વિક્રમસિંહ જાડેજા, કમલેશભાઈ રાઠોડ, નરેન્દ્રસિંહ ગોહીલ, પારસભાઈ સોલંકી, બાબુભાઈ પટેલ, એડવોકેટ જસ્મીનભાઈ, રાજુભાઈ વિડજા, અતુલભાઈ નથવાણી, મીતભાઈ ગાંધી, પુષ્પકભાઈ જૈન, દિલીપભાઈ રવાણી, ગોપાલભાઈ ભુવા, ભરતભાઈ કાઠી, સંજયભાઈ મિયાત્રા, જયભાઈ દવે, ધવલભાઈ કાચા, પંકજભાઈ



જોશી, હાર્દિકભાઈ વોરા, રવિભાઈ ડઢાણીયા, મહિલા મોરચા વોર્ડ ૨ના પ્રમુખ દેવ્યાનીબેન રાવલ, મહામંત્રી પલ્વીબેન ચૌહાણ, હર્ષિદાબા કનોજીયા, સીમાબેન અગ્રવાલ, ભાવનાબેન ચતવાણી, માધવીબેન ઉપાધ્યાય, દુર્ગાબેન રાજયગુરૂ, અનસુયાબેન પરમાર, ભાવનાબેન પોપટ તેમજ બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહેલ. વોર્ડ નં.૨માં રૂ.૫૫.૨૩ લાખના ખર્ચે નવનિર્મિત વોર્ડ ઓફિસનો બિલ્ટ અપ એરિયા ૪૨૦.૪૫ ચોમી. છે જેમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં વેઈટિંગ રૂમ, કેશ વિન્ડો, ટેક્ષ સ્ટાફ રૂમ, વોર્ડ ઓફિસર રૂમ, વોડ એન્જીનીયર રૂમ અને ટેકનીકલ સ્ટાફ રૂમ તેમજ ફર્સ્ટ ફ્લોર પર મિટિંગ હોલ, પેન્ટ્રી તથા એક રૂમ વગેરે અદ્યતન સુવિધા આપવામાં આવેલ છે. આ અદ્યતન સુવિધાયુક્ત વોર્ડ ઓફિસને લીધે ગીત ગુર્જરી સોસાયટી, શ્રીજી નગર, અશોક સોસાયટી, ચંદ્ર નગર, હરી પાર્ક, નરશીનગર, જયગીત સોસાયટી, છોટુનગર, અલકાપુરી, વિગેરે વિસ્તારના રહેવાસીઓને આ વોર્ડ ઓફિસથી મહાનગરપાલિકા લગત કામગીરીનો લાભાર્થીને લાભ મળી શકશે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો) વોટ્સએપ નં.93752 17603 email:-
saurashtrakranti@gmail.com
એડ્રેસ: ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

# માથાકુટ કરી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરવાના કેસમાં આરોપીઓ જામીન મુકત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

સરપદડ ગામના રહેવાસી કાંતિભાઈ સવજીભાઈ મુછડીયાએ તેની પુત્રી ભુમિકાબેન જેઓ રાજકોટ અભ્યાસ કરતી હોય, બસમાં સીટમાં બેસવા બાબતે પ્રતિકસિંહ સહદેવસિંહ જાડેજાને બોલાચાલી થતાં જેનો રાગદ્વેષ રાખી આરોપીઓ ભગીરથસિંહ ટેમુભા જાડેજા, સહદેવસિંહ લખુભા જાડેજા અને પ્રતિકસિંહ સહદેવસિંહ જાડેજાનાઓએ ફરિયાદી કાંતિલાલ સવજીભાઈ મુછડીયાને ફોન કરી તેના ઘરે હથિયાર લઈને ગયેલા અને ફરિયાદીને તથા તેના



એડવોકેટ: સિધ્ધરાજસિંહ જાડેજા

સગાને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરેલા જેથી ફરિયાદી કાંતિભાઈ સવજીભાઈ મુછડીયાએ પડધરી પો.સ્ટે. માં ફરિયાદ કરતાં પડધરી પોલીસે આરોપીની અટક કરી જેલ હવાલે કરેલા. આરોપીઓએ તેમના વકીલ સિધ્ધરાજસિંહ કે. જાડેજા મારફત એટ્રોસીટીની સ્પેશિયલ કોર્ટમાં જામીન અરજી ગુજારતા, અરજદાર/આરોપીઓ તરફે થયેલ દલીલો અને રજૂઆતો ધ્યાને લઈ તેમજ ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ ત્રણેય આરોપીઓને સ્પેશિયલ અદાલતે શરતોને આધિન જામીન ઉપર છોડવાનો હુકમ કરેલ.

આ કેસમાં આરોપીઓ તરફે એડવોકેટ સિધ્ધરાજસિંહ કે. જાડેજા રોકાયેલ હતા.

# રવિવારે પ્રધાનમંત્રી આયુષ્માન કાર્ડ કેમ્પનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

પ્રધાનમંત્રી આયુષ્માન કાર્ડ કેમ્પ તા.૮ ને રવિવારના રોજ સવારના ૯ થી ૧૨ સુધી અમૃત સ્કવેર, ત્રીજો માળ, રાજનગર ચોક, નાના મોવા રોડ, રાજકોટ ખાતેની ઓફિસે રાખવામાં આવેલ છે તેમ પૂર્વ ધારાસભ્ય ગોવિંદ પટેલે એક યાદીમાં જણાવેલ છે.



ગોવિંદભાઈ પટેલે વધુમાં જણાવેલ છે કે આયુષ્માન કાર્ડએ પ્રત્યેક વ્યકિતને નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકાર મારફતે પાંચ લાખ સુધીની વિનામૂલ્યે કોઈપણ સારી હોસ્પિટલમાં સારવાર લઇ શકાય તે માટેની યોજના બનાવેલ છે જેનો લાખો ગરીબો અને મધ્યમ વર્ગના લોકો લાભ લઇ રહ્યા છે. પ્રધાનમંત્રીએ કુટુંબ દીઠ કાર્ડ નહીં પરંતુ કુટુંબના દરેક વ્યક્તિ દીઠ કાર્ડ આપવાની જાહેરાત કરેલ છે અને ગુજરાતની રાજ્ય સરકાર વ્યક્તિદીઠ પાંચ લાખના બદલે દશ લાખ આપવાની જાહેરાત કરેલ છે જેથી જે લોકો પાસે એક કાર્ડ હોય અને કુટુંબના અન્ય સભ્યના કાર્ડ કાઢવાના બાકી હોય તો તેઓએ અચૂક આ કેમ્પનો લાભ લેવો. જેમાં ડોક્યુમેન્ટ તરીકે મામલતદાર કચેરીનો આવકનો દાખલની ઝેરોક્ષ રેશનકાર્ડની ઝેરોક્ષ ઘરના બધા વ્યક્તિના આધારકાર્ડ તેમજ ઘરની બધી વ્યક્તિએ હાજર રહેવું, કેમ્પનું સંચાલન હસુભાઈ અણદાણી અને તેની ટીમ કરી રહેલ છે વિશેષ માહિતી માટેનો સંપર્ક નં.૯૧૦૬૧ ૭૫૭૩૫ ઉપર કરવો. તેમ એક અખબારી યાદીમાં જણાવેલ છે.

# ખૂનના ગુન્હામાં આરોપીઓ જામીન મુકત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

નાથુભાઈ લક્ષ્મણભાઈ ભાભરએ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલ હતી અને જેમાં જણાવેલ કે તેઓ પોતાના ઘરે હતા ત્યારે મોરબીથી કોઈ અજાણ્યા માણસનો ફોન આવેલ અને કહેલ કે તેઓના ભાઈ ગુજરી ગયેલ છે જેથી તેઓ મોરબી મુકામે ગયેલ જયાં તેઓના ભાઈ નોકરી કરતા હતા તે કારખાનામાં ગયેલ અને કારખાનાના માણસો દ્વારા જાણવા મળેલ કે કારખાનામાં જ કામ કરતા શૈલેષભાઈ પસવાભાઈ પરમાર, વિક્રમ સીતારામ જાટમ, રાજેશ મુળજીભાઈ પટેલ, પ્રવિણ રણછોડ પટેલ બધાએ સાથે મળી પાઈપ અને લાકડી જેવા હથીયારો વડે કોઈ કારણોસર ઢોર માર મારી તેને કારખાનાની બહાર છોડી મુકતા તે થોડે દુર જઈ પડી ગયેલ અને ત્યારબાદ આજુબાજુના કારખાનાવાળએ ૧૦૮ માં ફોન કરતા તેને સરકારી દવાખાને લઈ ગયેલ અને ત્યાં ડોકટરએ તેને મરણ જાહેર કરેલ હતો. જે અંગે મોરબી તાલુકા પોલીસ સ્ટેશન દ્વારા ગુન્હો નોંધેલ હતો અને જે ગુન્હા અનુસંધાને મોરબી તાલુકા પોલીસ સ્ટેશન દ્વારા શૈલેષ પસવાભાઈ પરમાર, વિક્રમ સીતારામ જાટમ, રાજેશ મુળજીભાઈ પટેલ, પ્રવિણ રણછોડ પટેલની ધરપકડ કરેલી હતી.

ત્યારબાદ મોરબી તાલુકા પોલીસ સ્ટેશન દ્વારા કેસમાં ચાર્જશીટ કોર્ટમાં રજુ કરેલી હતી. ચાર્જશીટ બાદ આરોપી વિક્રમ સીતારામ જાટમ, રાજેશ મુળજીભાઈ પટેલ, પ્રવિણ રણછોડ પટેલ દ્વારા મોરબી સેશન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરતા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ અને તથા બચાવપક્ષની દલીલો અને રજુ થયેલ સુપ્રિમ કોર્ટ તથા ગુજરાત હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓ ધ્યાને લઈ મોરબીના મહે. એડી. સેશન્સ જજે તમામ આરોપીઓને કેસમાં જામીન પર છોડી મુકવા હુકમ કરેલ છે.

આ કેસમાં બચાવપક્ષે મોરબીના જીતેન્દ્રસિંહ જાડેજા તથા રાજકોટના યુવા ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, ખોડુભા સાકરીયા, જયવીર બારૈયા, મીલન જોષી, જયપાલસિંહ સોલંકી, દીપ વ્યાસ, સાગરસિંહ પરમાર વિગેરે એડવોકેટ તરીકે રોકાયેલ હતા.



એડવોકેટ: ભગીરથસિંહ ડોડીયા



એડવોકેટ: જીતેન્દ્રસિંહ જાડેજા

# નકામા-તૂટેલા ફર્નિચરને નવી ડિઝાઇનથી ઉપયોગી બનાવતા INIFD ના વિદ્યાર્થીઓ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬




નકામી કે કચરામાં ફેંકી દીધેલી વસ્તુઓમાંથી કંઈક ઉપયોગી અને શ્રેષ્ઠ બનાવી રોજબરોજમાં ઉપયોગમાં લઇ શકાય તેવા નાવિન્યસભર વિચારને રાજકોટની INIFD સંસ્થાના વિદ્યાર્થીઓએ મૂર્તિમંત કરી બતાવ્યો છે. રાજકોટના રેસકોર્સ મેદાન ખાતે આયોજીત ઇન્ટીરીયર ડિઝાઇન એક્સપોમાં ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ પોતાની સર્જનાત્મકતા અને કોઠાસુઝથી તૂટેલા, ભંગારમાંથી વસ્તુઓ લઇ તેને રિસાઇકલ કરી તેમાંથી અદભૂત, લાજવાબ કલાત્મક મોર્ડન ફર્નિચરની વસ્તુઓ તૈયાર કરી પર્યાવરણને બચાવવાનો અનોખો પ્રયાસ સૌપ્રથમવાર કર્યો છે.

આ અંગે INIFD સંસ્થાના નૌશિકભાઇ પટેલે જણાવ્યું હતું કે, અમારા ઇન્ટીરીયર ડિઝાઇનનો અભ્યાસ કરતા ૩૦ જેટલા વિદ્યાર્થીઓએ એક મહિનાની અથાગ મહેનત પછી જુના ફર્નિચરને રિસાઇકલ કરી આજના મોર્ડન લુકમાં પ્રદર્શિત કર્યા છે. જેમાં તૂટેલા ભંગારના લાકડા, લોખંડ, કાચ, સુતળી, પ્લાયવુડ નો ફરી ઉપયોગ કરી રાચ રચીલું ફર્નિચર ખુરશી, ટેબલ, કબાટ, પગરખાં રાખવાનું સ્ટેન્ડ વગેરે ડિઝાઇન કર્યા છે. આ રીતે ફર્નિચર રિસાઇકલ કરી પર્યાવરણને બચાવવાનો આવો અનોખો પ્રયાસ પ્રથમવાર કરાયો છે. વધુમાં અન્ય ૩૦ જેટલા વિદ્યાર્થીઓએ અત્યારના સમયની માંગ મુજબ બેડરૂમ, કિચન, લિવિંગરૂમ, ગેઇમ ઝોન ના સ્ટ્રકચર ફર્નિચર સાથે નાના મોડલ રૂપે બનાવી ગુજરાતના સૌથી મોટા એક્સપોમાં રજુ કર્યા છે.

વિદ્યાર્થીઓની આ કલાત્મકતા તા.૬ થી ૧૧ રેસકોર્સ મેદાનમાં આયોજીત ઇન્ટીરીયર ડિઝાઇન એક્સપો ૨૦૨૩ માં નિહાળી શકાશે.

# સુરતમાં ૨૫મીથી ઓલ ઇન્ડિયા બીચ ફૂટબોલ ટુર્નામેન્ટ

## ગુજરાત ટીમનું સિલેકશન તા.૧૧ અને તા.૧૨મીએ કરાશે

Rajkot District Football Association
AFFILIATED TO THE GUJARAT STATE FOOTBALL ASSOCIATION

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

ઓલ ઇન્ડિયા ફૂટબોલ ફેડરેશન તથા ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએન દ્વારા સુરત ખાતે ઓલ ઇન્ડિયા બીચ ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન તા.૨૫ જાન્યુઆરીથી કરવામાં આવેલ છે.

આ ટુર્નામેન્ટ માટે ગુજરાત ટીમનું સિલેકશન સુરત મુકામે તા.૧૧ તથા તા.૧૨ ના રોજ રાખવામાં આવેલ છે. રાજકોટ ડિસ્ટ્રીકટ બીચ ફૂટબોલ ટીમનું સિલેકશન રેલવે લોકો કોલોની ગ્રાઉન્ડ ખાતે તા.૮ ને રવિવારના સાંજના ૩:૩૦ કલાકે રાખવામાં આવેલ છે. રસ ધરાવતા ખેલાડીઓએ પોતાની કીટ સાથે રોહીત બુંદેલા (મો. ૯૪૦૯૩ ૦૩૪૯૪), અજય ભટ્ટ (મો. ૮૧૬૦૭ ૧૪૬૩૬), અમૃતલાલ બહુરાશી (મો. ૯૧૦૬૪ ૫૩૮૫૧)નો સંપર્ક કરવા ફુટબોલ એસો.ના પ્રમુખ ગુણવંતરાય ડેલાવાળાની યાદીમાં જણાવાયું છે.

# ૨૭૬ દારૂની બોટલ સાથે ઝડપાયેલ આરોપીનો નિર્દોષ છુટકારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

રાજકોટના ૧૫૦ ફુટ રીંગ રોડ પર જતી એન્જોય કારની પોલીસે ઉભી રાખીને તપાસ કરતા તેમાંથી ૨૭૬ નંગ જુદી જુદી કંપનીની ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂ પકડાયેલ હતો. જે અંગે પોલીસ ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં ગુન્હો અજય હંસરાજભાઈ સોલંકી સહિત અન્ય ૨ વ્યકિતઓની પોલીસ આ ગુન્હા કામે ધરપકડ કરેલ હતી.

જેમાં કોર્ટમાં કેસ ચાલવા ઉપર આવતા પોલીસ અધિકાર, સાહેદે તેમજ પંચોની ઉલટ તપાસ કરતા જેમા પોલીસની ફરિયાદને ફરિયાદ મુજબના સમર્થન મળતુ ન હોય અને પંચો હોસ્ટાઈલ થયેલ હોય તેમજ અન્ય દલીલો મુખ્ય આરોપી તરફે કરવામાં આવેલ હતી. જે દલીલોને ધ્યાને લઈને આ કામના મુખ્ય આરોપી અજય હંસરાજભાઈ સોલંકીને કોર્ટે નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ હતો. આ કેસમાં મુખ્ય આરોપી અજય હંસરાજભાઈ સોલંકી વતી યુવા એડવોકેટ વિજય ડી.બાવળીયા, રમઝાન આઈ. આગરીયા રોકાયેલ હતા.



એડવોકેટ: વિજય બાવળીયા



એડવોકેટ: રમઝાન આગરીયા

# જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા તાલુકાના ગામ પીપળીયા (ઢોરા) ના ગામતળની જમીન ચો.મી.આ. ૫૮૮-૬૨ ઉપર આવેલ મિલ્કત નં.૧૬૦ શ્રી સુખાભાઈ જેસાભાઈ સરીયાના માલીકી તથા કબ્જા ભોગવટાની આવેલ છે. જે મિલ્કત ઉપર અમો અદાણી હાઉસીંગ ફાઈનાન્સ પ્રા.લી.માંથી લોન લેવાનું નકકી કરેલ છે.

આથી ઉપરોકત સ્થાવર મિલ્કત માલીકી, ટાઈટ, બોજા કે કબ્જા કે વારસાઈ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, કે દરદાવો હોય તો આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ માં અમોને લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી. જો સમય મર્યાદા પુરી થયે કોઈના વાંધા કે તકરાર નહીં આવે તો આ મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હીત, હીસ્સો કે લાગભાગ નથી અને જતો (WAIVE) કરેલ છે. તેમ માની હદાણી હાઉસીંગ ફાઈનાન્સ પ્રા. લી. લોન આપી દેશે અને ત્યારબાદ જો કોઈના કોઈપણ પ્રકારના વાંધા કે તકરાર આવશે તો તે ફાઈનાન્સ કંપનીને કે માલીકને બંધન કર્તા રહેશે નહી જેની આથી સર્વેએ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ. તા.૬/૧/૨૦૨૩

**કલ્પેશ એલ. સાકરીયા (એડવોકેટ)**
**ઠે. ઓફીસ નં. ૧, પહેલો માળ, બ્રહમાણી કોમ્પલેક્ષ,**
**ગુજરાત ટ્રાવેલ્સની બાજુમાં, આજીડેમ ચોકડી,**
**રાજકોટ. મો.નં. ૯૫૩૭૭ ૫૩૭૦૧**



# હળવદ હાઈ-વે પર કેમિકલ ભરેલું ટેન્કર પલટી મારતા એનેક બાઈકચાલકો પટકાયા

(શિવ મયુર દ્વારા)

હળવદ, તા.૬

હળવદ હાઈ-વે રોડ પર કેમિકલ ભરેલું ટેન્કર પલટી ખાઈ ગયું હતું.રસ્તા પર ઢોરાયેલા કેમિકલના કારણે અનેક બાઈકચાલકો પટકાયા હતા, વિશ્વાસ આર્કેડ પાસે કેમિકલ ભરેલું ટેન્કર પલટી મારી જતા અકસ્માત સર્જાયો હતો.દુર્ગંધ યુક્ત કેમિકલના કારણે લોકોને ભારે મુશ્કેલીઓ સામનો કરવો પડ્યો હતો.

મળતી માહિતી અનુસાર, હળવદ હાઈ-વે રોડ પર કેમિકલ ભરેલું ટેન્કર જઈ રહ્યું હતું. ત્યારે વિશ્વાસ આર્કેડ પાસે ટેન્કરના ચાલકે સ્ટેરીંગ કાબુ ગુમાવતા અચાનક કેમિકલ ભરેલું ટેન્કર પલ્ટી મારી ગયું હતું. જેના કારણે અકસ્માત સર્જાયો હતો. જો કે સદનસીબે કોઈ જાનહાની થવા પામી નહીં. તેમજ ટેન્કરના ચાલકને સામાન્ય ઈજા પહોંચતા તેને સરકારી હોસ્પિટલે સારવારમાં ખસેડવામાં આવ્યો છે. રસ્તા પર ઢોરાયેલા કેમિકલના કારણે અનેક બાઈક ચાલકો પટકાયા હતા,દુર્ગંધ યુક્ત કેમિકલના કારણે લોકોને ભારે મુશ્કેલીઓ સામનો કરવો પડ્યો હતો. ઘટનાની જાણ થતાં જ એલટી સ્ટાફ અને પોલીસ તેમજ ફાયર બ્રિગેડ સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યો હતો. બનાવને પગલે સ્થળ પાર લોકોના ટોળા એકઠા થયા હતા. રસ્તા પર ઢોરાયેલા કેમિકલના કારણે અનેક બાયકચાલકો પટકાયા હતા, એલટી સ્ટાફ પોલીસ દ્વારા તાત્કાલિક રોડ પર રેતી નખાવી હતી.

# સંભારણા

## સહાય..

અંધારું થઈ રહ્યું હતું. તાળું મારેલા લોખંડના પ્રવેશદ્વારની બહારથી કોઈક બૂમ પાડી રહ્યું હતું. અત્યારે કોણ આવ્યું હશે! એમ વિચારતા મેં ગેટ ખોલ્યો. સામે એક વૃદ્ધ ઉભા હતા. તેમના ચોળાયેલા કપડા અને મોં પરના થાક થી જણાઈ આવતું હતું કે તે લાંબી મુસાફરી ખેડી અહીં સુધી પહોંચ્યા હશે.

'આ ટી નગરનું આઠમું મકાન અને તમે જ મયુર છોને?' તેમણે પૂછ્યું. મેં સહેજ ખચકાઈને જવાબ દીધો 'હા'. ધ્રુજતા અને સૂકા હોઠ પર ભીની જીભ ફેરવતા મારા હાથમાં એક ચિઠ્ઠી મુકતા તેમણે કહ્યું 'બેટા, હું તારા પિતાનો મિત્ર છું, તારા ગામથી આવું છું. તારા પિતાએ મને આ ચિઠ્ઠી લખી તને આપવા અને તારી મદદ લેવા કહ્યું છે.'

તેમની આપેલી એ ચિઠ્ઠી ખોલી.તે વાંચતા મેં નવાઈ પામીને પૂછ્યું 'મારા પિતાએ?' મેં ઝડપથી ચિઠ્ઠી વાંચી કાઢી. તેમાં લખ્યું હતું

દીકરા મયુર આશીર્વાદ..

આ ચિઠ્ઠી તને આપનાર મારો મિત્ર છે. તેનું નામ બાલા છે અને તે ખૂબ મહેનતુ છે. થોડા દિવસો અગાઉ તેના એકના એક પુત્રનું માર્ગ અકસ્માતમાં મોત થયું છે. તેના વળતરના પૈસા માટે તેણે ઘણા ધક્કા ખાધા છે. આ વળતર જ તેની નજીવી આવક સાથે તેનું અને પત્નીનું ગુજરાત ચલાવવામાં સહાયરૂપ થશે. હું તેની સાથે પોલીસ રિપોર્ટ્સ, ટ્રાવેલ



લેખિકાઃ પુનમ શાહ –મુંબઈ.



એજન્ટ દ્વારા અપાયેલ એફિડેવિટ અને અન્ય જરૂરી દસ્તાવેજો મોકલી રહ્યો છું. તેને જણાવવામાં આવ્યું છે કે વળતરની ફાઇનલ ચુકવણી મુખ્ય કચેરીમાં થશે. આ તેની બેંગલોરની પ્રથમ મુલાકાત છે તેથી એ ત્યાં માટે અજાણ્યો છે. હું આશા રાખું છું કે તું એને મદદરૂપ થશે. તારી તબિયતનું ધ્યાન રાખજે. વહેલામાં વહેલી તકે અમને મળવા આવજે.

તારા વહાલા પિતા..

બાલા ઉભા ઉભા મને આશાભરી નજરે જોઈ રહ્યા હતા. મેં એકાદ ક્ષણ માટે કંઈક વિચાર્યું અને પછી હું તરત તેમને ઘરમાં અંદર લઈ ગયો. પાણી આપતા મેં પૂછા કરી કે કંઈ ખાધું છે? તેમણે જવાબ આપ્યો, 'ના બેટા મારી યાત્રા લંબાઇ જતા બે ચાર ફળ સાથે લાવ્યો હતો તે ક્યારના પુરા થઈ ગયા.' અંદરથી હું તેમના માટે ઢોસા અને ચટણી લઈ આવ્યો. તે તેમણે ધરાઈને ખાધા. ત્યાં સુધીમાં મેં જરૂરી ફોન કર્યા.

મારા ફોન પતી ગયા બાદ મેં જોયું કે તે કેટલાક કાગળિયા તેમના ખોળામાં લઈને બેઠા હતા. તેમાં તેમના મૃતપુત્ર નો ફોટો પણ હતો. એ ૨૦-૨૨ વર્ષનો જુવાન સોહામણો લાગતો હતો. મારી આંખોના ખૂણા ભીના થઈ ગયા.

તેમણે કહ્યું આ મારો એકનો એક પુત્ર હતો. તેના પહેલા થયેલા સંતાનોને જુદા જુદા કારણોસર ઈશ્વરે પોતાની પાસે બોલાવી લીધા હતા. એ અમારી ઘડપણની મૂડી સમાન હતો. તે ખૂબ સારું ભણ્યો હતો અને સારી નોકરી પણ મેળવી હતી. અમને એવી આશા બંધાઈ હતી કે હવે તેની નોકરી શરૂ થયા બાદ અમારી મહેનતનું અમને ફળ મળશે અને મુશ્કેલીના દિવસો દૂર થશે. પણ એ ગોઝારા દિવસે તે પોતાની કોઈ ભૂલ વગર માર્ગ અકસ્માતનો ભોગ બન્યો અને અમને એકલા મૂકી દૂર દૂર ચાલ્યો ગયો.

મૃત પુત્ર પાછળ વળતર લેવા શરૂઆતમાં અમને ખચકાટ થતો હતો પણ દિવસે દિવસે હું અશક્ત થતો જાઉં છું અને મારી પત્ની ની તબિયત પણ સારી રહેતી નથી. તારા પિતાના સૂચન અનુસાર હું અહીં આવ્યો છું અને તેણે મને ખાતરી આપી છે કે તું આ કાર્ય પૂર્ણ કરવામાં મને મદદ કરશે.

કંઈ વાંધો નહીં. ઘણું મોડું થઈ ગયું છે તમે નિરાંતે સુઈ જાઓ. તેમના સુવાની વ્યવસ્થા કરી હું પોતે પણ સૂઈ ગયો. બીજા દિવસે સવારે અમે તૈયાર થઈ ગયા. ચા નાસ્તો કરીને અમે વળતર મળવાનું હતું એ ઓફિસે પહોંચી ગયા. બાલાએ મને કહ્યું 'મયુર મને અહીં સુધી પહોંચાડ્યો એ બદલ તારો ખૂબ આભાર. હવે તું તારી ઓફિસે જા આગળનું કામ હું જોઈ લઈશ.' મેં તમને કહ્યું 'મેં આજે રજા મૂકી દીધી છે. હું તમારી સાથે જ રહીશ અને તમારું કામ પતાવી આપીશ.' પછી આખો દિવસ થોડા ઘણા ધક્કા ખાઈ અંતે અમે વળતર મેળવવામાં સફળ રહ્યા.

વૃદ્ધ બાલા એ મને અંતરથી આશીર્વાદ આપતા કહ્યું 'દીકરા, તારા ઉપકારનો બદલો હું કઈ રીતે ચૂકવીશ ખબર નથી? હવે મારી માંદી પત્ની એકલી હોવાથી તેને મારી જરૂર છે તેથી હું તરત ગામ જવા રવાના થઈ જાઉં છું' 'ચાલો હું તમને બસ સ્ટેન્ડ ઉતારી દઉં' કહી હું તેમની ટિકિટની વ્યવસ્થા કરી અને તેમને થોડા ફળ આપી વિદાય કરવા આવ્યો.

જતી વખતે એ વૃદ્ધની આંખોમાં જે ભીનાશ અને આભારવશતાની લાગણી હતી એ મારા હૃદયને સ્પર્શી ગઈ. તેમણે કહ્યું 'મયુર બેટા, તે મારા માટે ઓફિસમાં એક દિવસની રજા લીધી અને મારું કામ પતાવી આપ્યું. હું તારા આ ઉદાર કૃત્યની વાત જતાવેંત તારા પિતાને કરીશ અને તેમનો પણ આભાર માનીશ.'

મેં સ્મિત કરતા તેમના હાથ મારા હાથમાં લેતા કહ્યું, હું તમારા મિત્રનો પુત્ર મયુર નથી. હું મેહુલ છું. તમે ખોટા સરનામે આવ્યા હતા. એ મયુરનું ઘર મારા ઘરથી થોડે આગળ છે, પણ મેં જોયું કે તમે ખૂબ થાકી ગયેલા હતા તેથી મારો જીવ તમને સાચું કહેતા ન ચાલ્યો. મેં મયુર ના નંબર પર ફોન જોડ્યો હતો. તેની પત્નીએ મને જણાવ્યું કે એ કંઈ કામથી બહારગામ ગયો છે. મેં તમારા મિત્રને પણ ફોન જોડ્યો હતો. તેમને મેં સાચી હકીકત જણાવી તો તે ભારે ઉદાસ થઈ ગયા. પણ જ્યારે મેં તેમને ખાતરી આપી કે તમારું કામ પૂરું કરવામાં હું મદદ કરીશ ત્યારે તેમને ખૂબ સારું લાગ્યું હતું. તમને જે ખોટ પડી છે એ તો કોઈ ભરપાઈ કરી શકવાનું નથી પણ મને લાગ્યું મારે તમને મદદ કરવી જોઈએ અને મેં એમ કર્યું જેનાથી મને અનહદ ખુશી મળી છે. મારી વાત સાંભળી બાલાની આંખોમાં ઝળઝળિયા આવી ગયા. તેમણે મને મૂંગા મૂંગા જ આશિષ આપ્યા અને બસ આવી જતા વિદાય લીધી.

મારા માટે તેમના આશીર્વાદ ખૂબ કીમતી હતા. મારા પિતા તો ૧૫ વર્ષ અગાઉ જ પરધામ સીધાવી ગયા હતા પણ બાલાને જોઈ મને કદાચ એવો અહેસાસ થયો હતો કે મારા પિતા પાછા ફર્યા છે. આકાશમાં જોતા મને એવી લાગણી થઈ કે એ ત્યાં ક્યાંક હશે. મેં કહ્યું 'પિતાજી, મારા જીવનમાં હું કેટલો આગળ વધ્યો છું એ ચકાસવા તમે આ સ્વરૂપે આવ્યા હતા ને! પત્ર લખીને તમે ચકાસી રહ્યા હતા ને કે તમારો દીકરો મદદ કરે છે કે નહીં. તમારા જેવા મહાન પિતાનો પુત્ર થઈ મેં મારી ફરજ બજાવી છે. તમે ખુશ છો ને?' મારી આંખોમાં પણ હર્ષના ઝળઝળિયા આવી ગયા હતા.

મિત્રો, મદદ કરવાની ભાવના રાખો,માર્ગ ઊભા થઈ રહેશે..

# રવિવારે GPSC વર્ગ-૧ અને ૨ ની સ્પર્ધાત્મક પરીક્ષા : રાજકોટમાં ૯૬૨૧ ઉમેદવારો

## ૪૨ કેન્દ્રો પરથી લેવાશે સામાન્ય અભ્યાસ-૧ અને ૨ના પેપરો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આગામી તા.૮ને રવિવારે વહીવટી સેવા વર્ગ-૧ અને તેમજ મુલકી સેવા વર્ગ-૧ અને ૨ ની સ્પર્ધાત્મક કસોટી લેવામાં આવનાર છે. રાજકોટ સેન્ટરમાં ૯૬૨૧ જેટલા ઉમેદવારો આ પરીક્ષામાં બેસનાર હોય આ અંગેની તૈયારીઓને જિલ્લા કલેકટરતંત્રના માર્ગદર્શન હેઠળ આખરી ઓપ આપી દેવામાં આવેલ છે.

વર્ગ-૧ અને ૨ ની આ સ્પર્ધાત્મક કસોટીમાં સવારના ૧૦ થી ૧ કલાક દરમ્યાન સામાન્ય અભ્યાસ ૧નું પેપર લેવાશે. જયારે બપોરના ૩ થી ૬ કલાક દરમ્યાન સામાન્ય અભ્યાસ ૨નું પેપર લેવાશે. શહેરના વિવિધ ૪૨ જેટલા કેન્દ્રો પરથી આ પરીક્ષા લેવામાં આવનાર છે. પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતિના બનાવ ન બને તેમજ ઉમેદવારોને પરીક્ષા આપવામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે ખાસ પ્રંબધો કરવામાં આવેલ છે.

આ પરીક્ષાના દરેક કેન્દ્રો પર વર્ગ-૨ ની કક્ષાના આયોગના ૧-૧ પ્રતિનિધિ તેમજ તકેદારી અધિકારીની નિમણૂંક કરી દેવામાં આવી છે.

# દેહદાન મહાદાન

## અવસાન નોંધ

રાજકોટ: સ્વ.નિતીનભાઈ ઈશ્વરભાઈ વારા તે બીપીનભાઈ તથા આશાબેન અરવિંદભાઈ મકવાણાના નાનાભાઈ તથા પ્રિન્સીના પિતાનું તા.૪ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૬ ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે ''બાપા સીતારામ'' શિવ વિહાર સોસાયટી, રઘુવીર પાનવાળી શેરી જૂનો મોરબી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પરઃ કોંગ્રેસનો સ્પષ્ટ આક્ષેપ

# ભાજપના નવા ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓ કડક અમલવારી કરાવવાને બદલે મુકપ્રેક્ષક બની તમાશો નિહાળે છેઃ ગોપાલ અનડકટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર છે અને લોકોના ઘર બરબાદ થઇ રહ્યા છે. ત્યારે ભાજપના નવા ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓ માત્ર મુક તમાશો નિહાળી રહ્યા છે એવો કોંગ્રેસે આજે ગંભીર આક્ષેપ કર્યો છે. દારુ અને જુગારના અડ્ડા તથા વ્યાજખોરો પર તૂટી પડવાની વાતો બણગા ફૂંકવા સમાન સાબિત થયાનો કોંગ્રેસે આક્ષેપ મુક્યો છે. પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી ગોપાલ અનડકટે એક નિવેદનમાં જણાવ્યું છે કે, ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર છે. બામણબોર પાસે રૂ.૮૯ લાખનો દારૂ પકડાયો એ તેનું ઉત્તમ ઉદાહરણ છે. મહત્વની વાત એ છે કે, સ્ટેટ મોનીટરીંગ સેલને દારૂ ભરેલા ત્રણ ટ્રક રાજકોટ આવી રહ્યાની બાતમી હતી. જો કે બે જ ટ્રક પકડાયા છે અને અન્ય એક ટ્રક જ્યાં પહોંચાડવાનો હતો ત્યાં પહોંચી ગયો હશે એ નક્કી છે. જો પોલીસને બાતમી મળી હોય તો ગુજરાતની ચેકપોસ્ટ પર ફરજ બજાવતો સ્ટાફ શું બંધ આંખે ચેકિંગ કરે છે? તેને આટલો મોટો જથ્થો દેખાતો નથી. એવા સવાલ કરતા તેમણે ટકોર કરી હતી કે, હપ્તાખોરીથી જ બુટલેગરોનું સામ્રાજ્ય ચાલે છે. એટલે બે ટ્રક પકડનાર પોલીસ પણ વાહવાહીને લાયક નથી.

નિવેદનમાં ઉમેર્યું હતું કે, માત્ર પોલીસને દોષ દેવાનું પણ યોગ્ય નથી. હકીકતે પ્રજાને વચનો આપી ચૂંટાયેલા ભાજપના પ્રતિનિધિઓ અને મંત્રીઓ દારૂબંધીની કડક અમલવારી કરાવી શક્યા નથી અને મુકપ્રેક્ષક બની તમાશો નિહાળતા રહે છે. ભાજપના ધારાસભ્યો અને મંત્રીઓ કહે છે કે, દારુ, જુગારનું દુષણ ડામી દેશું, વ્યાજખોરો પર તૂટી પડશું પણ આવા ખોટા બણગા ફૂંકીને



લોકોને રામભરોસે મૂકી દેવાયા હોવાનું કોંગ્રેસના નેતાએ આક્ષેપ કર્યો હતો. તેમણે ટકોર કરી હતી કે, એસી કાર અને ચેમ્બરમાંથી બહાર નીકળી પ્રજાની પીડા સમજીને ભાજપના ધારાસભ્યોએ પ્રજાને કરેલા વાયદા પુરા કરવા જોઈએ.(૨.૧૨)

# રાજકોટ યુવા લોયર્સ એસો. દ્વારા વર્ષ ૨૦૨૩ ના કેલેન્ડરનું વિમોચન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

રાજકોટમાં વર્ષ-૨૦૧૦ માં યુવા લોયર્સ એસોસિએશનની સ્થાપના થયેલ છે ત્યારથી યુવા લોયર્સ એસોસિએશન સિનિયર જુનિયર વકીલોમાં ખૂબજ લોકપ્રિય અને કાયમી કાર્યશીલ રહેલ યુવા વકીલોની સંસ્થા તરીકે કાર્યરત છે અને યુવા લોયર્સ એસોસિએશન દ્વારા રાજકોટ બાર એસો. ના આયોજીત કાર્યો તથા સમાજ ઉપયોગી કાર્યોમાં પણ પુરો સહયોગ આપવામાં આવી રહેલ છે.





યુવા લોયર્સ એસોસિએશન દ્વારા ૧૩ વર્ષથી ડિસેમ્બર માસમાં નવા વર્ષના કેલેન્ડર પ્રકાશીત કરવામાં આવે છે. આ કેલેન્ડરમાં વકીલ મીત્રો તથા અન્ય લોકોને ઉપયોગી થાય તે રીતે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી રજાઓ, બેંક રજાઓ, તીથી, ચોઘડીયા સહિતની અનેક વિગતો સાથેનું માહિતી સભર કેલેન્ડર બહાર પાડવામાં આવે છે. કેલેન્ડરનું વિતરણ જુદી જુદી સરકારી કચેરીઓ, સામાજીક સંસ્થાઓમાં કરવામાં આવે છે.

આ માહિતી સભર કેલેન્ડરના વિમોચન સમયે એડવોકેટ અનીલભાઈ દેસાઈ, એડવોકેટ મહેશભાઈ ત્રિવેદી તથા યુવા. લોયર્સના કન્વીનર હેમાંસુ પારેખ વગેરે સિનિયર જુનિયર વકીલો મોટી સંખ્યામાં હાજર રહેલ હતા.

આ પ્રોજેકટને ભાજપ લીગલ સેલ ના પૂર્વ કન્વીનર પીયુશભાઈ શાહ, રાજકોટ બારના પૂર્વ પ્રમુખ અજુનભાઈ પટેલ તથા પી.સી. વ્યાસ ક્રિમીનલ બારના પ્રમુખ નરેન્દ્રસિંહ ચાવડા, યુનિટી ઓફ લોયર્સના તુષારભાઈ બસલાણી, અશ્વિનભાઈ મહાલીયા, અશ્વિનભાઈ ગોસાઈનું વિશેષ માર્ગદર્શન મળેલ છે.

સમગ્ર પ્રોજેકટને સફળ બનાવવા યુવા લોયર્સ એસોસિએશનના પ્રમુખ કિરીટ નકુમના માર્ગદર્શન હેઠળ કન્વીનર હેમાંશુ પારેખ, અજય પીપળીયા, વિરેન રાર્કીગા, આનંદ પરમાર, નિવીદ પારેખ, જગદીશ કુવાડીયા, નીશાંત જોશી, રીતેશ ટોપીયા, દર્શન ભાલોડી, સંજય ટોળીયા, ધવલ પડીયા, હર્ષીલ શાહ, કેતન સાવલીયા, જયવિર બારૈયા, રવિરાજસિંહ જાડેજા, અભિષેક શુકલ, મીલન જોષી, દીપ વ્યાસ, જીતેન્દ્ર ધુળકોટીયા, કુલદીપ ચૌહાણ, નયન મણીયાર, વિજય પટગીર, કિશન વાલ્વા, અમીત ગડારા, નીલ શુકલ, ખોડુભા સાકરીયા, જયપાલ સોલંકી,સાગર પરમાર, જય અકબરી, યશ ખેર, યશપાલ ચૌહાણ, તથા નિમેષ કોટેચા, પશાંત લાઠીગા, તુષાર સોંડાગર, આનંદ રાધનપુરા, મોહીત ઠાકર, જીગર નશીત, વીકી વ્યાસ, અજીત પરમાર, રાહુલ મકવાણા, રવી રાઠોડ, ભાર્ગવ બોડા, કલ્પેશ મોરબીયા, પારસ શેઠ, નીરજ કોટડીયા, ભાવીન બારૈયા, જય બુધ્ધદેવ, નીકુંજ મહેતા, વગેરે યુવા કાર્યકરો જહેમત ઉઠાવી રહેલ છે.

આ પ્રોજેકટમાં લકી ફાઉન્ડેશનના મીનલબા ગોહીલ તથા પી.પી. પ્રોપર્ટીઝના નીલેશભાઈ તથા પીયુશભાઈ સીંસાગીયા રાજકોટનો વિશેષ સહયોગ મળેલ છે.

**વાચકોએ નોંધ લેવી**

કે કોઈપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

# પુત્રની પ્રેમિકાને ગળુ દબાવી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરવાના ગુન્હામાં આરોપી માતા-પિતાની આગોતરા જામીન રદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

આરોપી નિરવ પરેશ ધંધુકીયા રહે. રાજકોટવાળાએ ફરિયાદી યુવતી સાથે મિત્રતા કેળવી અને લગ્ન કરવાની લાલચ અને ભરોસો આપી અવારનવાર શરીર સંબંધ બાંધી બાદમાં લગ્ન નહીં કરવા જણાવી અને ફરિયાદીને આરોપી નિરવ પરેશ ધંધુકીયાએ પોતાના ઘરે બોલાવી આરોપી પિતા પરેશ ધંધુકીયા તથા આરોપી માતા ભારતીબેન ધંધુકીયા બધા એક સંપ થઇ દરવાજો બંધ કરી આરોપી માતાપિતા દ્વારા મોબાઇલ ચાર્જીગના કેબલથી ગળુ દબાવેલ અને બાદમા જપાજપી કરી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી ફરિયાદીને પહેલા માળેથી ધક્કો મારતા ફરિયાદીને જમણી આંખ તેમજ નાકના ભાગે ફેકચર જેવી ઇજાઓ થયેલ અને આરોપી માતાપિતા નાસી ગયેલ જયારે આરોપી નિરવ પરેશ ધંધુકીયાની અટક કરવામાં આવેલ જયારે આરોપી માતાપિતા ધરપકડ ન થાય તેવા આશયથી સેશન્સ કેસ સમક્ષ આગોતરા જામીન દાખલ કરેલ.

સરકાર પક્ષે સરકારી વકીલ અનિલ એસ.ગોગિયા દ્વારા આગોતરા જામીન અરજીનો વિરોધ કરતા દલીલો કરેલ

દલીલોથી સહમત થતા આરોપીઓની આગોતરા જામીન નામંજુર કરતો હુકમ કરેલ હતો. આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ અનિલ એસ. ગોગિયાએ દલીલો કરેલ હતી.



એડવોકેટઃ અનિલ ગોગીયા

# રાજુલામાં સિંહ પરિવારની પજવણીનો વીડિયો વાયરલ, વાંકાનેર પાસે વાહનને ઠોકરે દીપડાનું મોત



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

ગીરપંથક અને ગીર જંગલની આસપાસનો વિસ્તાર ભારતના ગૌરવ સમાન એશીયાઇ સાવજોનું કાયમી નિવાસી સ્થાન છે. અલભ્ય વન્યજીવોના રક્ષણ માટે ગુજરાત સરકાર દ્વારા જંગી ખર્ચ કરવામાં આવી રહ્યો છે. છેલ્લા થોડા દિવસથી ગીર વન વિસ્તાર અને ખાસ કરીને અમરેલી જિલ્લામાં વન્યજીવોની પજવણીના કિસ્સાઓમાં ખુબ વધારો થવા પામ્યો છે. જેના કારણે વન્ય જીવ નિષ્ણાંતોમાં ચિંતા અને રોષની લાગણી પ્રસરી છે. ક્યાંક વાહનો કે ટ્રેનની ઠોકરે સાવજ અને દીપડા ઈજાગ્રસ્ત થાય છે યા તો મૃત્યુ પામતા હોય છે. તો બીજીતરફ નઠારા તત્વો ગામડાઓમાં આવી ચઢતા કે જંગલમાં વિહરતા સાવજોની પાછળ કાર દોડાવીને એમની પજવણી કરતા હોય છે.

અમરેલી જિલ્લામાં આવી ઘટનાઓ અવારનવાર બનતી રહે છે. છતાં આજદિન સુધીમાં કોઈ કડક પગલા લેવામાં આવ્યા નથી. આજે ફરી આવો એક વીડિયો વાયરલ થયો છે. જે રાજુલાના વડગામનો હોવાનું જાહેર થયું છે. વીડિયોમાં સ્પષ્ટ દેખાઈ છે કે, રાત્રીના સમયે ગામડામાં એક સાવજ પરિવાર

## અવારનવાર સિંહ પરિવારની હેરાનગતિના બહાર આવતા કિસ્સા વનવિભાગ અજાણ?

આવી ચઢે છે ત્યારે કેટલાક બદમાશ તત્વો સિંહ પરિવારની પાછળ કાર દોડાવીને તેની પજવણી કરતા દેખાઈ છે. નવાઈની વાત એ છે કે, આ ઘટના અંગે વનવિભાગને જ જાણ નથી. આવી ઘટનાઓ આ જિલ્લામાં વારંવાર બની રહી છે. અગાઉ પણ આવા પ્રાણી પજવણીના અનેક વીડિયો વાયરલ થઇ ચુક્યા છે. પણ આવા તત્વો સામે કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી.

ઘણીવખત ગીર જંગલ અને તેની આસપાસના ગામડામાં એકલ-દોકલ સિંહ-સિંહણ યા તો આખો સિંહ પરિવાર શિકારની શોધમાં જંગલમાંથી આવી જતા હોય છે. આવા સમયે તાત્કાલિક વન વિભાગને જાણ કરવાની હોય છે. સાવજો માટે સરકારે ટ્રેકર પણ નિયત કરેલા છે જેની કામગીરી જ સાવજોનું પગેરું મેળવવાની હોય છે. ગામડામાં આવી ચઢતા સાવજો પાછળ કાર દોડાવવાનો ગુનાહિત શોક ધરાવતા તત્વોને વનવિભાગની બેદરકારીને કારણે મોકળું મેદાન મળી જાય છે અને પ્રાણીઓને પજવીને આવા તત્વો તેનો પાશવી શોક પૂરો કરતા હોય છે. આવા તત્વો સામે વનવિભાગ તાત્કાલિક લાલઆંખ કરે અને પગલા લ્યે તેવી લોકલાગણી છે. ઘણીવખત વાહનોની હડફેટે ચઢીને સિંહ કે દીપડા ઈજાગ્રસ્ત થાય છે યા તો મૃત્યુ પામતા હોય છે. જો આવા કિસ્સાઓ અવિરત ચાલતા રહેશે તો અલભ્ય વન્યજીવ સૃષ્ટિનું રક્ષણ કઈ રીતે કરી શકશે એ મોટો સવાલ છે.

ગઈરાત્રે વાંકાનેરમાં એક અજાણ્યા વાહનની હડફેટે દીપડાનું મૃત્યુ થયાની ઘટના સામે આવી છે. નજરે જોનારા કેટલાક લોકોએ જણાવ્યા મુજબ વાંકાનેરના ગ્રામ્ય પંથકમાં બે દીપડા હરતા-ફરતા દેખાયા હતા. એમાંથી એકનું વાહનના અકસ્માતથી મૃત્યુ થયું છે, જેની વન ખાતાએ ઊંડી તપાસ કરવી જોઈએ. રાજ્ય સરકાર ગુજરાતની અલભ્ય વન્યજીવ સૃષ્ટિને બચાવવા માટે કરોડો રૂપિયા ખર્ચે છે. પરંતુ વનવિભાગની બેદરકારીને કારણે આજે વન્યજીવન સૃષ્ટિ અનેક જોખમોનું સામનો કરી રહી છે.(૨.૧૨)



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) શ્રી વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પૂનમ નિમિતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી ધનુર્માસ અંતર્ગત આજે તા.૬ને શુક્રવારના રોજ શ્રી કષ્ટભંજનદેવ દાદાને ગુલાબ ફૂલોનો દિવ્ય શણગાર કરી સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા તેમજ ૭ કલાકે શણગાર આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવેલ તેમજ મંદિરના પટાંગણમાં મારૂતિ યજ્ઞ તથા સમગ્ર પવિત્ર ધનુર્માસ નિમિતે વિશ્વશાંતિ હનુમાન ચાલીસ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ સાંજે ૫:૩૦ કલાકે પૂનમ નિમિત્તે દાદાનું ષોડશોપચાર પૂજન કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા પૂજન-અર્ચન-આરતી કરી કરવામાં આવેલ હજારો ભકતોએ દિવ્ય દર્શનનો લાભ પ્રત્યક્ષ તેમજ યુટ્યુબ ચેનલ દ્વારા ઓનલાઈન લીધેલ. તેમ જણાવ્યું છે.

# સ્વ.ભાવનાબેન રશ્મિભાઈ ધીણોજા પરિવાર દ્વારા ચક્ષુદાન કરાયું, બે દ્રષ્ટિહિન વ્યકિતઓને દ્રષ્ટિદાન આપ્યું




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

ઉપલેટાના મૂળ વતની વર્ષોથી રાજકોટ નિવાસી સોની જ્ઞાતિના શહેરના છોટુનગર વિસ્તારમાં રહેતા ભાવનાબેન રશ્મિભાઈ ધીણોજા (ઉંમર.૭૨)નું અવસાન થતા વિવેકાનંદ યુથ કલબના માર્ગદર્શક મુકેશભાઈ દોશી અને અનુપમભાઈ દોશીએ જૈન સોશિયલ ગ્રુપની આઇ ડોનેશન ડ્રાઇવના ચેરમેન ઉપેનભાઈ મોદી દ્વારા રાજકોટના ડો.ધર્મેશ શાહે ઘરે આવી ચક્ષુદાન સ્વીકારેલ અને ચક્ષુદાતા પરિવારનો આભાર માનેલ અને પ્રમાણપત્ર આપેલ. એ ચક્ષુદાન સદગતના ચક્ષુનું દાન કરી બે દ્રષ્ટિહીન બાંધવોને દષ્ટિદાન આપતા ગયા છે. બન્ને સંસ્થાઓનું આ વર્ષનું આ ૪૮ મુ ચક્ષુદાન છે. રાજકોટના નગરજનો ચક્ષુદાન કરવા અને કરાવવા પ્રેરણા કરે અને 24 X 7 ચક્ષુદાન કરવા અનુપમ દોશી મો.૯૪૨૮૨ ૩૩૭૯૬ અને ઉપેનભાઇ મોદી ૯૮૨૪૦ ૪૩૧૪૩નો સંપર્ક કરવો. તેમ જણાવ્યું છે.

# ગુજકેટની પરીક્ષા માટે ઓનલાઇન ફોર્મ ભરવાનું આજથી શરૂ

## બોર્ડની ઓફિસીયલ વેબસાઈટ પરથી ફોર્મ ભરી શકાશે



(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૬

ગુજરાતમાં આજથી ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ ગુજરાત કોમન એન્ટ્રેસ્ટ ટેસ્ટનું ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા આગામી ૧૪મી માર્ચથી શરૂ થવાની છે. ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે ભવિષ્યમાં ડિગ્રી, ફાર્મસી તેમજ એન્જિનિયરિંગના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માંગતા હોય તો તે વિદ્યાર્થીઓએ ગુજરાત કોમન એન્ટ્રેસ્ટ ટેસ્ટ આપવી ફરજીયાત હોય છે. આગામી માર્ચમાં ગુજરાત માધ્યમિક બોર્ડની પરીક્ષા શરૂ થશે. ગુજરાતમાં ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને આગળ ફાર્મસી તેમજ એન્જિનિયરિંગ જેવા ઉચ્ચ અભ્યાસ માટે ગુજકેટ પરીક્ષા ફરજીયાત છે. ગુજકેટની પરીક્ષા માટે આજથી ૨૦ જાન્યુઆરી સુધી વિદ્યાર્થીઓએ ઓનલાઇન ફોર્મ ભરવાના રહેશે અને આ માટે ૩૫૦ રૂપિયા ફી ચુંકવવાની રહેશે. આ ફી પણ ઓનલાઈન જ ચુકવવી પડશે. ઓનલાઇન ફોર્મ ભરતી વખતે કોઈપણ પ્રકારની ભૂલ ન થાય તેની વિદ્યાર્થીઓએ કાળજી રાખવી પડશે. ગુજરાત કોમન ટેસ્ટ માટે આજથી ફોર્મ ભરવાની શરૂઆત થશે. વિદ્યાર્થીઓ બોર્ડની ઓફિસીયલ વેબસાઈટ https://gujcet.gseb.org પરથી જ ઓનલાઈન ફોર્મ ભરી શકશે. આ ઓનલાઈન ફોર્મ ભરતા સમયે વેબસાઈટ પર આપેલી સુચના બરોબર વાંચીને પછી જ ફોર્મ ભરવાની શરૂઆત કરવી જેથી વિદ્યાર્થીઓને ફોર્મ ભરવામાં મુશકેલી ન પડે.

## આજનું રાશિફળ



### મેષ (અ, લ, ઈ)

તમારી ઊર્જા અને જોશને પોઝિટિવ દિશામાં લગાવવાથી તમારાં ખાસ કાર્યો પણ પૂર્ણ થઈ જશે. સાથે જ તમારા વ્યક્તિત્વ ઉપર પણ તેનો શુભ પ્રભાવ પડશે. તમારી વ્યસ્ત દિનચર્યામાંથી થોડો સમય પરિવાર અને મિત્રો માટે પણ જરૂર કાઢો. કોઈપણ વિપરીત પરિસ્થિતિમાં ભાવનાઓના આવેશમા ન આવો. ઠંડા દિમાગથી સમજી-વિચારીને નિર્ણય લો. કોઈ નજીકના સંબંધી સાથે સામાન્ય વાતે મનદુઃખ થવાની શક્યતા છે.



### વૃષભ (બ, વ, ઉ)

અન્ય લોકોના પ્રભાવમાં આવવાની જગ્યાએ પોતાની ક્ષમતા પ્રમાણે જ કામ કરો. તેનાથી તમારો આત્મવિશ્વાસ વધશે. થોડા જૂના મતભેદો તથા સમસ્યાઓથી છુટકારો મળે તેવી શક્યતા છે. વિદ્યાર્થીઓ માટે નોકરી કે ઇન્ટરવ્યૂમાં સફળતાના યોગ બની રહ્યા છે. થાક અને તણાવના કારણે તમારી દિનચર્યા અસ્ત-વ્યસ્ત રહી શકે છે. આ સમયે તમારૂ મનોબળ મજબૂત રાખો તથા સમસ્યાઓ આવે ત્યારે તણાવ લેવાની જગ્યાએ તેનો ઉકેલ શોધવાની કોશિશ કરો.



### મિથુન (ક, છ, ઘ)

પરિવાર સાથે જોડાયેલાં મહત્ત્વપૂર્ણ નિર્ણય લેશો, જેનું શુભ પરિણામ પણ સામે આવી શકે છે. યુવાઓને કરિયરમાં કોઈ નવી તક મળવાથી રાહત મળી શકે છે. આ સમયે પ્રકૃતિ તમારી ઉન્નતિ માટે નવા રસ્તા ખોલી રહી શકે છે. જવાબદારીઓ વધારે હોવાના કારણે તમે વ્યસ્ત રહી શકો છો. એટલે તણાવ અને થાકને તમારા ઉપર હાવી થવા દેશો નહીં. બાળકો ઉપર અભ્યાસનું દબાણ રહેશે. માતા-પિતાની જવાબદારી છે કે બાળકોનું આત્મબળ જાળવી રાખો.



### કર્ક (ડ, હ)

ગ્રહ ગોચર તમારા પક્ષમાં છે. છેલ્લાં થોડા સમયથી ચાલી રહેલી ચિંતા અને પરેશાનીનું સમાધાન મળી શકે છે. તમે તમારા બળે દરેક કામ કરવાની ક્ષમતા રાખશો. કામ વધારે હોવા છતાં તમે તમારા સંબંધીઓ અને મિત્રો માટે પણ સમય કાઢી શકો છો. અતિ આત્મવિશ્વાસની સ્થિતિ તમને નુકસાન આપી શકે છે. ઉતાવળમાં કોઈપણ કાર્ય ન કરો. ઉધાર આપેલાં રૂપિયા પાછા માગતી સમયે વાદ-વિવાદની સ્થિતિ રહી શકે છે. જોકે, તમે વિપરીત પરિસ્થિતિઓને કાબૂમાં રાખી શકો છો.



### સિંહ (મ, ટ)

તમારાં સપનાં અને મહત્ત્વકાંક્ષાઓને પૂર્ણ કરવાનો સમય છે. યોગ્ય ઊર્જા અને પોઝિટિવિટી જાળવી રાખો. સાથે જ કોઈ વડીલ વ્યક્તિનું માર્ગદર્શન અને સલાહ પણ તમારા માટે મદદગાર રહેશે.

ખરાબ આદતો તથા નકારાત્મક પ્રવૃત્તિના લોકોથી દૂર રહો. નહીંતર તેના કારણે તમે કોઈ સમસ્યામાં ફસાઈ શકો છો. રૂપિયા-પૈસાના મામલે કોઈના ઉપર વધારે વિશ્વાસ ન કરો તથા બધા નિર્ણય જાતે જ લો.



### કન્યા (પ, ઠ, ણ)

છેલ્લાં થોડા સમયથી ચાલી રહેલી અસ્ત-વ્યસ્ત દિનચર્યાથી આજે તમને રાહત મળી શકે છે. જેનાથી તમે આર્થિક મામલે યોગ્ય પ્રકારે ઠોસ અને મહત્ત્વપૂર્ણ નિર્ણય લઈ શકો છો. કડવા અનુભવોથી બોધપાઠ લઇને તમારી જીવનશૈલીમાં ફેરફાર લાવવો તમારા માટે સારો સાબિત થશે. થોડા લોકો ઈર્ષ્યાની ભાવનાથી તમારા માટે નકારાત્મક પરિસ્થિતિઓ બનાવી શકે છે. આ બધી વાતો ઉપર ધ્યાન ન આપીને તમારા કાર્યોમાં વ્યસ્ત રહો. ઉતાવળમાં નિર્ણય લેશો નહીં.



### તુલા (ર, ત)

પરિવારના કોઇ લગ્નયોગ્ય સભ્ય માટે સારો સંબંધ આવવથી ઘરમાં સુખનું વાતાવરણ રહેશે. ખર્ચ વધારે રહેશે, પરંતુ આ ખર્ચ થોડા સારા ભવિષ્યને લગતી શુભ યોજનાઓ માટે જ રહેશે.

આ સમયે કોઈપણ પ્રકારની યાત્રા કરવાનું ટાળો. કેમ કે નુકસાન થવાની સ્થિતિ બની રહી છે. ક્યારેક તમારા શંકાવાળા સ્વભાવના કારણે થોડા સંબંધ ખરાબ પણ થઈ શકે છે. સમય પ્રમાણે તમારા વ્યવહારમાં પણ પરિવર્તન લાવો.



### વૃશ્ચિક (ન, ય)

આજે રૂપિયા આવવાની સાથે-સાથે ખર્ચની પણ સ્થિતિ રહેશે. વેપાર કે ઘરના પારિવારિક સુખ-સાધનો ઉપર ખર્ચ થવાના કારે ચિંતા રહેશે નહીં.

કોઈ દુઃખદ સમાચાર મળવાથી મન થોડું નિરાશ રહી શકે છે. તમારી મનઃસ્થિતિ ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે. ભાઈઓ સાથે કોઈપણ પ્રકારના વિવાદની સ્થિતિમાં ધૈર્ય અને સંયમથી સમસ્યાઓનો ઉકેલ લાવવાની કોશિશ કરો.



### ધન (ભ, ધ, ફ, ઢ)

કામ હોવા છતાં થોડો સમય તમારા પરિવાર અને સંબંધો માટે પણ જરૂર પસાર કરો.

તેનાથી તમે ઉમંગ અને જોશ અનુભવ કરશો. કોઈ નજીકના સંબંધી સાથે વિવાદની શક્યતા છે. રિસ્ક પ્રવૃત્તિના કાર્યોમાં નુકસાન થવાની સ્થિતિ બની શકે છે.



### મકર (ખ, જ)

કોઈપણ વિશેષ કાર્યોને કરતા પહેલાં તેના અંગે સંપૂર્ણ તપાસ કરી લો. તેના પોઝિટિવ અને નેગેટિવ સ્તર અંગે વિચાર કરીને જ તેને શરૂ કરો. તેનાથી તમને અનુકૂળ પરિણામ મળશે. તમારા વિનમ્ર સ્વભાવના કારણે લોકો સહજ જ તમારી તરફ આકર્ષિત કરશે. બેઠાં-બેઠાં કોઈ મુશ્કેલીમાં ફસાઈ શકો છો. કોઇ નજીકના વ્યક્તિ જ તમારા ઉપર આરોપ-પ્રત્યારોપ લગાવી શકે છે. જોકે, તમારા ઉપર તેની નકારાત્મક અસર પડી શકે છે.



### કુંભ (ગ, સ, શ, ષ)

ઘરમાં કોઈ માંગલિક કાર્યોને લગતી યોજનાઓ બનશે. સમય અનુકૂળ છે. તમારી પોઝિટિવ અને સંતુલિત વિચાર દ્વારા તમે યોજનાબદ્ધ રીતે દરેક કાર્ય સંપન્ન કરી શકો છો.

ખર્ચના મામલે વધારે દરિયાદિલી ન રાખો, નહીંતર બજેટ ખરાબ થવાથી પછતાવું પડી શકે છે. રૂપિયાને લગતી લેવડ-દેવડ કરતી સમયે વિવાદની સ્થિતિ બની શકે છે.



### મીન (દ, ચ, થ, ઝ)

કામ વધારે રહી શકે છે. સાથે જ યોગ્ય સફળતા મળવાથી ઉત્સાહના કારણે તમે થાક ભૂલી જશો. યુવાઓને પોતાની મહેનતનું અનુકૂળ પરિણામ મળશે. સમાજસેવી સંસ્થાઓ પ્રત્યે પણ તમારું યોગ્ય યોગદાન રહેશે. કાકાના ભાઈ-બહેનો સાથે સંબંધ ખરાબ થવાથી બચાવો. સંબંધોને કાયમ રાખવા માટે ધૈર્ય અને સમજદારીની જરૂરિયાત છે. આ સમયે તમને થોડી આર્થિક સમસ્યાઓ પણ આવી શકે છે. તણાવ લેવાની જગ્યાએ સમસ્યાઓનું સમાધાન શોધવાની કોશિશ કરો.

# મુખ્યમંત્રી ગૌમાતા પોષણ અભિયાન અંતર્ગત ફોર્મ ભરવાની આજે છેલ્લી તારીખ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

મુખ્યમંત્રી ગૌમાતા પોષણ અભિયાન અંતર્ગત પબ્લિક ટ્રસ્ટ તરીકે નોંધાયેલ ગૌશાળા કે પાંજરાપોળ માટે પશુદીઠ નાણાંકીય સહાય આપવામાં આવે છે.આ યોજનામાં વધુને વધુ ટ્રસ્ટ અને ગૌશાળાઓ જોડાય તે માટે જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુએ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સદસ્યો, તલાટીઓને આગળ આવી સ્વૈચ્છિક સંસ્થાઓને આ માટે પ્રોત્સાહિત કરવા જાહેર અપીલ કરી છે.

આ અંગેની વધુ માહિતી મેળવવા માટે તાલુકા પશુ દવાખાના તેમજ તાલુકા પશુ ચિકિત્સા અધિકારીનો સંપર્ક કરવાનો રહેશે.તેમજ ૯૮૨૫૮૪૦૫૮૪ નંબર પર નાયબ પશુપાલન નિયામક કે.યુ.ખાનપરાનો સંપર્ક કરી શકાશે.નોંધનીય છે કે જે તે સંસ્થા આજના દિવસમાં આ અરજીઓ પહોંચાડવાની રહેશે.

# ગૌમાતા પોષણ અભિયાન અને પ્રાકૃતિક ખેતી અંગે યોજાઈ બેઠક



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: કલેકટર કચેરી ખાતે ગૌમાતા પોષણ અભિયાન અને પ્રાકૃતિક ખેતી અંગેની મિટિંગ યોજાઈ હતી.જેમાં સંબંધિત અધિકારીઓ સાથે કલેકટર અરૂણ મહેશ બાબુએ ગૌમાતા પોષણ અભિયાન અને પ્રાકૃતિક ખેતી અંતર્ગત જિલ્લામાં ચાલતી કામગીરી અંગે માહિતી મેળવીને સમીક્ષા કરી હતી.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
Web: www.saurashtrakranti.com
saurashtrakranti



### રાજકોટની ભાગોળે એરપોર્ટ પોલીસ સ્ટેશન અને અપરાધી તત્વો વચ્ચેની 'મન કા મીત' જેવી સાંઠગાંઠ??

# એરપોર્ટ પોલીસ સ્ટેશનની હદના વિસ્તારોમાં ચાલતી ગેરકાનૂની પ્રવૃતિઓ રોકવાનું તો દુર નજર નાખવાનું પણ પોલીસને સુજતુ નથી, પોલીસ નિષ્ક્રિયતાનું કારણ જંગી હપ્તાખોરી!!

**રેતી, કપચી, બેલા અને કાળા પથ્થરોની વિના રોકટોક સરાજાહેર ચોરી છતાં હપ્તાખોર એરપોર્ટ પોલીસ સ્ટેશનનો સ્ટાફ મરક- મરક, ગજવા તરબતર હોવાથી લહેરથી ગેરકાનૂની પ્રવૃતિઓ ચાલવા દેવાતી હોવાનું લોકોમાં ચર્ચા, એક ખટારા દીઠ રૂ.૨૫૦૦ થી રૂ.૩ હજારની મલાઈ લેવાતી હોવાની ચર્ચા, એ નાણા કોના ખિસ્સામાં?**

## દરરોજ બેફામ, બેરોકટોક, ગેરકાયદે રેતી ખનન, અંદાજે ૫૦૦ થી વધુ ખટારાની અવર-જવર



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૬

રાજકોટ શહેરની ભાગોળે જયાં હીરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે એ વિસ્તારમાં ગેરકાનૂની પ્રવૃતિઓ રોકવા અને અસામાજીક તત્વો પર કાયદાનો ડર બેસાડવા એરપોર્ટ પોલીસ સ્ટેશન બનાવવામાં આવ્યું છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી બહાર આવી રહેલી ચોંકાવી દેનારી હકીકતો એવો નિર્દેશ કરી રહી છે કે, એરપોર્ટ પોલીસ સ્ટેશન ગુનાખોરોના મનમાં ધાક કે ડર જમાવવામાં સદંતર નિષ્ફળ રહ્યું છે. આવું શું કામ બન્યું છે તે પાછળના કારણોનું વિશ્લેષણ કરતા વધુ ચોંકાવનારૂ તારણ નીકળ્યું છે. એરપોર્ટ સ્ટેશન એટલે કે, આ વિસ્તારનું પોલીસ મથક ગુનાખોરો સાથેની મિલીભગત અને મેળાપીપણા માટે દિવસે- દિવસે વધુને વધુ કુખ્યાત બની ગયું છે. કહેવાય છે કે, આ પોલીસ મથક તાબાના વિસ્તારોમાં હદ વટાવી ગયેલી પ્રવૃતિઓ પાછળ આ પોલીસ મથકના આશીર્વાદ જ જવાબદાર છે. કેમકે આ મથક હપ્તાખોરીનું હબ બનીને રહી ગયું છે.!! અહીં દેશીદારૂના હાટડા તો ચાલે જ છે! પણ હવે એવું બહાર આવ્યું છે કે, ગેરકાયદે રેતી ખનન અને હેરફેરની અનૈતિક તથા ગેરકાયદે પ્રવૃતિઓ બેફામપણે ચાલી રહી છે.?! જેના પગલે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં બધાના ગજવા છલોછલ થઇ રહ્યા છે. એક-એક ખટારા દીઠ મોટી મલાઈ તારવીને જંગી રકમના હપ્તા ઉઘરાવવામાં આવી રહ્યા હોવાની લોકોમાં ગંભીર રીતે ચર્ચા ચાલી રહી છે. !!

અમે 'સૌરાષ્ટ્ર ક્રાંતી'ના પાના પર ગુરૂવારે એ લખી ચુક્યા છીએ કે, એરપોર્ટ પોલીસ સ્ટેશનના તાબામાં ૧૮ જેટલા ગામો છે. ઉપરાંત અહીં આંતરરાષ્ટ્રીય કક્ષાનો અતિઆધુનિક એરપોર્ટ પણ બની રહ્યું છે. એરપોર્ટ અને એ પણ આવી કક્ષા અને કદનું હોય ત્યારે આખો વિસ્તાર સંવેદનશીલ ગણાતો હોય છે. એટલે સ્વાભાવિક છે કે, આ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની પોલીસની જવાબદારીમાં અનેકગણો વધારો થઇ જાય છે. અહીં ગુનાખોર તત્વોનું ચકલું પણ ફરકવું ન જોઈએ. પરંતુ અહીં તો સાવ ઉલટી પરિસ્થિતિ જોવા મળી રહી છે કેમકે આખો વિસ્તાર જાતજાતની ગેરકાયદે પ્રવૃત્તિઓ અને અનૈતિક ધંધાઓથી ખદબદી ઉઠયો છે. એવી કોઈ ગેરકાનૂની પ્રવૃત્તિ નથી જે અહીં ન થતી હોય. તમામ પ્રકારના ગોરખધંધા કરનારા લોકો માટે આ વિસ્તાર રેઢું પડ બની ગયો છે એવું કહેવામાં જરાય અતિશયોક્તિ નહીં ગણાય.

એરપોર્ટ પોલીસ સ્ટેશન તેની મૂળભૂત ફરજમાંથી હટીને કામગીરી કરી રહ્યાની આ વિસ્તારના જાગૃત નાગરિકો અવારનવાર ફરિયાદ કરતા રહે છે અને બળાપો કાઢતા રહે છે પરંતુ એમનો અવાજ રાજકોટ શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીઓના કાન સુધી પહોંચતો નથી અથવા તો પહોંચવા દેવામાં આવતો નથી. એ હકીકત દીવા જેવી ચોખ્ખી થઈને બહાર આવી છે કે, એરપોર્ટ પોલીસ સ્ટેશનને ગુનાખોર તત્વો સામે એક અજબ-ગજબ પ્રકારની 'મન કા મીત' જેવી સ્નેહગાંઠ રચાઈ ગઈ છે. જેના કારણે આ સ્નેહનો બદલો પણ મોટા પ્રમાણમાં અનૈતિક તત્વો તરફથી મળી રહ્યો હોવાથી એરપોર્ટ પોલીસ મથકને આંખે ઝાંખપ આવી ગઈ છે. જેના કારણે કોઈપણ પ્રકારની ગેરકાનૂની પ્રવૃતિઓ નજરે ચઢતી નથી. ખરેખરો તાલ અહીં સર્જાયો છે.

પોલીસ બેડામાં લાંચ-રૂશ્વતની બદી પ્રસરી ગઈ હોય એ જનતા માટે કોઈ નવા સામચાર હોતા નથી. પણ આ બદીમાં આખેઆખો સ્ટાફ સંડોવાયેલો હોતો નથી. તેનો ચેપ મુઠ્ઠીભર કર્મીઓને લાગેલો હોય છે. પણ એરપોર્ટ પોલીસ સ્ટેશનની વાત ન્યારી છે. આ પોલીસ સ્ટેશનની હદમાં તો ગુનાખોર તત્વોને મોકળું મેદાન આપવામાં આવ્યું છે. કોઈ કાર્યવાહી નહીં, કોઈ પગલા નહીં. એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં જાણે કે અપરાધ જગતને એક મુક સંદેશો મળી રહ્યો છે કે, અમારી હદમાં જે ફાવે તે કરો દારૂ વેચો, દારૂ બનાવો, રેતી અને પથ્થરો ઉપાડી જાવ, જે કરવું હોય તે કરો અમે અહીં છીએ તમારું કોઈ કંઈ બગાડી નહી લ્યે. ?! આ વિસ્તારના નાગરિકોમાં ખુલ્લેઆમ આ પ્રકારના શબ્દો બોલાઈ રહ્યા છે. પરંતુ એમનો અવાજ દબાઈ એટલા માટે જાય છે કે, હપ્તાખોરીના બુલડોઝરની ધણધણાટીના અવાજમાં બાકીના તમામ વિધેયક અવાજ દબાઈ જાય છે. અહીં એક જ સુર અને એક જ મંત્ર મુજબ કામ ચાલે છે. હપ્તા દો ઔર તુમ્હારા કામ કરો. !

જાણકાર સૂત્રો અને અહીંના નાગરિકો એ એવી ચોંકાવનારી માહિતી આપી છે કે, આ વિસ્તારના ગામડાઓમાં અને હીરાસરની આસપાસ ખુલ્લેઆમ રેતીચોરીનો વેપલો કરવામાં આવી રહ્યો છે. દૈનિક લગભગ ૫૦૦ જેટલા ખટારાઓ આ કાર્યમાં જોતરાયેલા હોવાનો અંદાજ છે. તેના પરથી કલ્પી શકાય છે કે, કૌભાંડનો વ્યાપ કેટલો મોટો હશે. કહેવાય છે કે, એક-એક ટ્રક દીઠ રૂ.૨૫૦૦ થી રૂ.૩ હજારની મલાઈ મેળવવામાં આવે છે. આ જંગી મલાઈના નાણાં કોના ખિસ્સામાં જતા હોય તેની કલ્પના કરવાનું બિલકુલ મુશ્કેલ નથી. એટલે રોજની રૂ.૧૫ લાખની મલાઈ ગજવામાં જતી હોય તો આ કૌભાંડ બંધ કરાવવાની તસ્દી એરપોર્ટ પોલીસ મથક શું કામ લ્યે એવું લોકોમાં રોષભેર બોલાઈ રહ્યું છે.

ટ્રક ભરી ભરીને આ વિસ્તારમાંથી રેતી, કપચી, બેલા અને કાળા પથ્થરો ભરી ભરીને ગેરકાયદેસર હેરફેર કરવામાં આવે છે. પરંતુ મોટાપાયે આવડું મોટું કૌભાંડ કરનારા તત્વોને કાયદાની કોઈ બીક નથી કેમકે તેઓ પહેલેથી જ કાયદાના હાથ ગરમ કરી ચુક્યા હોય છે. રાજકોટના પોલીસ બેડામાં ટોચના અનેક અધિકારીઓ મોજુદ છે. ક્રાઈમ બ્રાન્ચ અને એલસીબી જેવી શાખાઓ છે. છતાં રાજકોટ શહેરના પાદરમાં ગુનાખોરીનું સ્વર્ગ ખડું થઇ ગયું છે અને એ નરીઆંખે જોઈ પણ શકાય છે. છતાં આવી પ્રવૃતિઓ ડામી દેવાની દિશામાં પોલીસ એક ડગલું પણ આગળ ન વધે ત્યારે સમજવું કે રાજકોટ શહેરમાંથી કાયદાના તંત્રએ હિજરત કરી લીધી છે. હજુ પણ સમય બગડ્યો નથી કે મોડું થયું નથી. એરપોર્ટ તૈયાર થઇ જાય એ પહેલા આ વિસ્તારની ગેરકાનૂની પ્રવૃતિઓ પર પોલીસે હલ્લાબોલ કરવું જ જોઈએ અને જો એ ન થાય તો એરપોર્ટ પોલીસ સ્ટેશનના જવાબદારો સામે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ લાલઆંખ કરીને તે બધાને કારકુનના ટેબલ પર બેસાડી દેવા જોઈએ એવી પ્રચંડ લોકમાંગણી છે.(૨.૧૨)

## દેવાયત ખવડના સાથીદારની રેગ્યુલર જામીન અરજી રદ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૬

દેવાયત ખવડ એ પોતાના સાગરીતો સાથે મળીને ફરિયાદી મયુરસિંહને જાહેર રસ્તા પર આત્રી અને મારક હથિયારો ધારણ કરી મારમારેલ. જે આઈપીસી ૩૦૭ ના ગુનામાં દેવાયતના સાગરિત કિશન દિલીપભાઈ કુંભારવાડીયાએ કરેલ રેગ્યુલર જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધેલ છે.

કેસની ટૂંક હકીકત એ છે કે, અગાઉના ઝઘડાનો ખાર રાખી દેવાયત ખવડ એ કિશન કુંભારવાડિયા તથા અન્ય એક સાગરિત સાથે પ્લાન કરેલ અને પ્લાન મુજબ ફરિયાદી મયુરસિંહ કઈ કઈ જગ્યાએ જાય છે તે બાબતની રેકી પણ કરવામાં આવેલી અને એ મુજબ પ્રથમ સ્નુકર પાર્લર પાસે પૂર્વ તૈયારી કરી રાહ જોવામાં આવેલી. ત્યારબાદ જાગનાથના સર્વેશ્વર ચોક નજીક ફરિયાદી રેગ્યુલર આવતા હોવાની ખાતરી કરાવાઈ અને કાવતરાના ભાગરૂપે બનાવમાં ગાડી ઓળખાય ન જાય એ માટે નંબર પ્લેટ વગરની ફોરવિલનો ઉપયોગ કરવામાં આવેલ અને બનાવની જગ્યાએ ફરિયાદીની વોચમાં રહેલ. ફરિયાદી જેવા પોતાની મોટર પાસે જવા ગલીમાં નીકળેલ એ જ વખતે પ્લાનપૂર્વક દેવાયત ખવડ અને સાગરીતો પાછળથી ફોરવીલ લઈને આવેલ અને બનાવની જગ્યાએ કારમાંથી ઉતરી ફરિયાદી કઈ સમજે એ પહેલા જ બે આરોપીઓએ સખત અને બોયડ પદાર્થ વડે ઈજા પામનાર વ્યક્તિ પર હુમલો કરેલ અને શરીરના અનેક ભાગો ઉપર હથિયારો વડે ઈજા કરેલી. જેનાથી ફરિયાદી મયુરસિંહ બનાવવાળી જગ્યાએ પડી ગયેલ અને હાલના અરજદાર કારની ડ્રાઈવિંગ સીટ પર સતર્ક હતા. દેવાયત ખવડ અને અન્ય સાગરિત કારમાં બેસતા કાર હંકારી દીધેલી એ રીતે બનાવવાળી જગ્યાએથી નાસી ગયેલ.

અરજદાર આરોપી કિશન કુંભારવાડિયાએ રેગ્યુલર જામીન અરજી કરતા એ.પી.પી તરફે વિરોધ કરવામાં આવેલ અને એવું જણાવવામાં આવેલ કે પોલીસે કાવતરાની કલમ ઉમેરેલ છે. પ્લાન મુજબનો ગુનો છે. આ દલીલોને ધ્યાને લઇ કોર્ટે જામીન અરજી રદ કરેલ આ કેસમાં એ.પી.પી મહેશકુમાર જોષી રોકાયેલ હતા.

## મનપા દ્વારા વેરાવસુલાત પુરજોશમાંઃ ૧૪ મિલકતો સીલ, ૨૯ લાખની રીકવરી કરાઇ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ.તા.૬

મનપાની વેરા વસુલત શાખા એક્વિટ મોડમાં આવી ગઇ છે. અને વેરા વસુલાત ઝુંબેશ પુરજોશમાં શરૂ કરવામાં આવી. જેમાં આજે વેરા-વસુલાત શાખા દ્વારા કુલ -૧૪ મિલ્કતોને સીલ કરેલ તથા ૬૫-મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ રીકવરી રૂ..૨૯.૭૮ લાખ રીકવરી કરવામાં આવી હતી. વિસ્તૃત વિગત જોઇએ તો સે.ઝોન દ્વારા કુલ - ૬ મિલ્કતોને સીલ મારેલ તથા ૧૯-મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂ.૯.૨૪ લાખ, વેસ્ટ ઝોન દ્વારા કુલ- ૪ મિલ્કતોને સીલ મારેલ તથા ૨૯-મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂ.૧૨.૧૯.લાખ, ઇસ્ટ ઝોન દ્વારા કુલ - ૪ મિલ્કતોને સીલ મારેલ તથા ૧૭-મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂ. ૮.૩૫ લાખની રીકવરી કરેલ છે. આ કામગીરી આસી. મેનેજર રાજીવ ગામેતી, મયુર ખીમસુરીયા, વિવેક મહેતા, નિરજ વ્યાસ તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઇન્સપેકટરઓ દ્વારા આસી.કમિશનર સમીર ધડુક તથા વી.એમ.પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

## રાજકોટ મનપા દ્વારા ફલાવર માર્કેટના ૪૭ થડા અને ૫૩ દુકાનોની હરરાજી યોજાશે

**૧૬મીએ ફલાવર માર્કેટના ૪૭ થડાઓની તેમજ તા. ૧૮ અને તા. ૨૫મીએ શોપીંગ સેન્ટર્સની ૫૩ દુકાનોની જાહેર હરરાજી યોજાશે**



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ.તા.૬

રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના વિવિધ શોપીંગ સેન્ટરની ૫૩ દુકાનો તથા રામનાથપરા મુક્તિધામ પાસે આવેલ ફ્લાવર માર્કેટના ખાલી રહેલ ૪૭ થડાઓની જાહેર હરરાજી રાખવામાં આવેલ છે.

૧૬ જાન્યુ.રોજ ફલાવર માર્કેટના ૪૭ થડાઓની તેમજ તા. ૧૮ અને તા. ૨૫મીએ શોપીંગ સેન્ટર્સની ૫૩ દુકાનોની જાહેર હરરાજી યોજાશે હરરાજીમાં ભાગ લેવા માંગતા વ્યક્તિઓને જે-તે હરરાજીના સમયે જે-તે સ્થળ પર હાજર રહેવા જાણ કરવામાં આવે છે. ફ્લાવર માર્કેટના થડાની હરરાજીમાં ભાગ લેનાર વ્યક્તિઓએ સ્થળ ડીપોઝીટની રકમ રૂ.૧૦,૦૦૦ રોકડા હરરાજીના સમયે ભરપાઈ કરવાના રહેશે.

દુકાનોની હરરાજીમાં ભાગ લેનાર વ્યક્તિઓએ ડીપોઝીટની રકમ રૂ.૨,૦૦,૦૦૦ચેક અથવા ડી.ડી.થી હરરાજીના દિવસો પહેલા એસ્ટેટ વિભાગમાં અથવા હરરાજીના સમયે સ્થળ પર ભરપાઈ કરવાની રહેશે.ડીપોઝીટ ભરનાર વ્યક્તિઓ જ હરરાજીમાં ભાગ લઈ શકશે. દુકાનોની અપસેટ કિંમત અને હરરાજીની શરતો વેબસાઈટ www.rmc.gov.in પરથી તેમજ એસ્ટેટ વિભાગ, રૂમ નં.૧૦, ત્રીજો માળ, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ (ફોન.૦૨૮૧-૨૨૨૨૫૪૦) ખાતેથી રૂબરૂ મળી શકશે.

### ભાજપ દ્વારા હવે સહકારી ક્ષેત્રે પણ મેન્ડેટ પદ્ધતિ અમલી

## ૨.૫ લાખ સભાસદો ધરાવતી રાજકોટ જિલ્લા સહકારી બેન્કમાં ખેડૂતોના હિતમાં લેવાશે નિર્ણયઃ જયેશ રાદડીયા



(તસવીરઃ પંકજ ડાભી)

**રાજકોટ જિલ્લા સહકારી બેન્કના ચેરમેન પદે જયેશ રાદડીયા, વાઇસ ચેરમેન તરીકે મગન વડાવીયાની નિયુક્તિ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૬

રાજ્યમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા સહકારી ક્ષેત્રમાં પણ મેન્ડેટ પદ્ધતિ લાગું કરવામાં આવી છે અને તેનો અમલ રાજકોટ સહકારી બેન્કના ચેરમેનની નિયુક્તિમાં પણ કરાયો હોવાનું જાણવા મળેલ છે. આજે રાજકોટ સહકારી બેન્કના ચેરમેનની નિયુક્તિ કરવામાં આવી છે.જેમાં રાજકોટમાં જિલ્લા સહકારી બેન્કના ચેરમેન તરીકે પૂર્વ મંત્રી અને ધારાસભ્ય જયેશભાઈ રાદડીયાની વરણી કરવામાં આવી છે. સહકારી ક્ષેત્રે પણ મેન્ડેટના આધારે આ નિયુક્તિ કરાઇ છે. ભાજપના મેન્ડેટ પર રાજકોટ જિલ્લા સહકારી બેન્કના ચેરમેન અને વાઈસ ચેરમેન નિમવામાં આવ્યા હતા. પૂર્વમંત્રી જયેશભાઈ રાદડીયાની નિમણૂક સહકારી બેન્કના ચેરમેન તરીકે સતત ત્રીજી વખત કરાઈ હતી.આ ઉપરાંત વાઈસ ચેરમેન તરીકે પણ નિયુક્તિ કરવામાં આવી છે.મગન વડાવીયાની વાઈસ ચેરમેન તરીકે નિયુક્તિ કરાઈ છે. આ નિમણૂંક અઢી વર્ષ માટે કરાઇ હોવાનું જાણવા મળ્યું છે. આજે રાજકોટમાં મળેલી ડીરેક્ટરોની બેઠકમાં ચેરમેન અને વાઈસ ચેરમેન નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ મામલે જયેશ રાદડીયા જિલ્લા સહકારી બેન્કના ચેરમેન બનતાની સાથે જ તેમણે તેમના હિતમાં નિર્ણય લેવાની અત્યારથી જ સભાસદોને બાહેંધરી આપી હતી.

ઘણા દિવસથી ચર્ચા હતી કે, રાજકોટ જિલ્લા સહકારી બેન્કમાં નવા હોદ્દેદારો તરીકે કોની વરણી કરવામાં આવશે.જો કે,આજે ડીરેક્ટરોની બેઠક બાદ આ નિર્ણય સામે આવ્યો હતો.

ચેરમેન બનતાની સાથે જ તેમણે કહ્યું કે,ખેડૂતના હિતમા નિર્ણય લઈશું. ૨.૫ લાખ સભા સદોના હીતમાં નિર્ણય લઈશું.ખેડૂતોના હીત માટે બેંકે યોજનાઓ મુકી છે.બેંક ખેડૂતોની ભાગીદારી બેન્ક છે.ખેડૂતો માટે તેમણે વધુમાં કહ્યું કે,ખેડૂતો માટે બેંકે જે યોજનાઓ બનાવી છે તે દિશામાં કામગીરી કરવામાં આવશે તે વાત પર તેમને ભાર મૂક્યો હતો. રાજકોટમાં ખાસ કરીને ભાજપ દ્વારા સહકારી ક્ષેત્રે વધુ ફોકસ કરવામાં આવી રહ્યું છે. દેશભરમાં પ્રથમ વખત સહકારી વિભાગ પણ ભાજપ સરકાર દ્વારા શરુ કરાયો છે.ત્યારે સૂત્રો તરફથી મળતી વિગતો અનુસાર ભાજપના મેન્ડેટના આધારે આ વરણી કરવામાં આવી છે.સહકારી ક્ષેત્રે ઘણા કામો પણ બેન્કિંગથી લઈને દૂધ ઉત્પાદન ક્ષેત્રે વધારવામાં આવ્યા છે તેમ જાણવા મળી રહ્યું છે.

## રાજકોટમાં બાલાજી વેફર્સના ગોડાઉનમાં ચોકીદારને બંધક બનાવી રૂ.૧.૯૫ લાખની લૂંટ



(તસવીરઃ પંકજ ડાભી)

**એજન્સીના માલીકે પોલીસને જાણ કરતા ગાંધીગ્રામ પોલીસ,ડીસીપી અને ક્રાઇમ બ્રાન્ચનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો**

**ગોડાઉનના સીસીટીવી ફુટેઝ અને મુખ્ય માર્ગોના કેમેરા તપાસ કરાયાઃત્રણેય શખ્સો બુકાની બાંધી આવ્યા હતા**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૬ :

રાજકોટની માધાપર ચોકડીથી બેડી ચોકડી તરફ જતા રોડ પર આવેલું બાલાજી વેફર્સના ગોડાઉનમાં મોડી રાત્રે આવેલા લૂંટારૂઓએ ચોકીદારને બંધક બનાવી રૂ.૧.૯૫ લાખની રોકડ લૂંટી નાસી ગયા હતા.આ સમગ્ર ઘટનાની જાણ થતાં જ ગાંધીગ્રામ પોલીસ મથકનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

વધુ વિગતો મુજબ,માધાપર ચોકડીથી બેડી ચોકડી તરફ જવાના રસ્તે સર્વિસ રોડ પર આવેલું બાલાજી વેફર્સના ગોડાઉનમાં મોડીરાત્રે એકાદ વાગ્યે ત્રણ અજાણ્યા લૂંટારૂઓ ત્રાટકયા હતા અને તેઓએ નિંદ્રાધીન અવસ્થામાં રહેલા ચોકીદાર પુનાભાઈને છરી બતાવી મફલરથી મૂંગો દઈ બંધક બનાવી ગોડાઉનમાં આમતેમ ઓફિસ ફંફોડી હતી અને ટેબલના ખાનામાં રાખેલા રૂ.૧.૯૫ લાખની રોકડ લઈ આરોપીઓ ત્યાંથી પલાયન થઈ ગયા હતાં. આ સમગ્ર ઘટના અંગે પુનાભાઈએ આજે સવારે એજન્સીના કલ્પેશભાઈ અમરેલીયાને ફોન કરી બનાવની જાણ કરી હતી.કલ્પેશએ ગોડાઉન પર પહોંચી પુનાને પૂછતાં તેઓએ જણાવ્યું હતું કે,ત્રણેય શખ્સોએ આવી મને જગાડી અને ચાવી માંગી હતી.બાદમાં એક વ્યક્તિએ મફલર બાંધી મૂંગો દઈ લીધો હતો. બાકીના બે વ્યક્તિ ગોડાઉનના ઉપરના માળે પહોંચી રોકડ લઈ લીધા બાદ નાસી ગયા હતા.આ તમામની ઉમર ૨૦થી ૩૦ વર્ષ સુધીની જોવાનો અંદાજ છે.તેઓ ગુજરાતીમાં વાત કરતા હતા.તેઓ લૂંટ કરી ફરાર થઇ ગયા હતા. આ ઘટનાની જાણ આજે સવારે પોલીસમાં કરતા ગાંધીગ્રામ પોલીસના પીઆઇ રાણે,પીએસઆઈ જનકસિંહ રાણા અને ડીસીપી ક્રાઇમ પાર્થરાજસિંહ ગોહિલ સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.તેમજ તેઓએ અલગ અલગ ટીમોએ બનાવી સીસીટીવી ફુટેઝ મેળવી તજવીજ આદરી છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.